
# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.16 - Issue 01
January 2023
Price 15/-



बच्चे! तुम चिन्ता मत करो, मैं बैंठा हूँ




અમદાવાદ કાંકરિયા 'રાજયોગ ભવન'ના ભૂમીપૂજનમાં યુવા પ્રભાગના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બ્ર.કુ.ચંદ્રિકાબેન, મણિનગર સબઝોન ઈન્ચાર્જ બ્ર.કુ. નેહાબેન, રાજયોગ ભવન સેવાકેન્દ્રના ઈન્ચાર્જ બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. અમરબેન તથા બ્રહ્માકુમારી બહેનો.



સુરત વરાછા સેવાકેન્દ્ર પર પધારેલ કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી ભ્રાતા મનસુખ માંડવીયાને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. તૃપ્તિબેન.




વડોદરા અટલાદરામાં 'ગીતા જયંતી'ના કાર્યક્રમમાં બ્ર.કુ. ઉષાબેન, રાજમાતા શુભાંગિનીરાજે ગાયકવાડ, MS યુનિવર્સિટીના VC વિજય શ્રીવાસ્તવ, બ્ર.કુ.રાજબેન, બ્ર.કુ. અરુણાબેન તથા અન્ય મહાનુભાવો.



અમદાવાદ સુખશાંતિ ભવનની મુલાકાતે પધારેલ ઈલેક્શન ઑબ્ઝર્વર ભ્રાતા આનંદ સ્વરૂપ IAS, GST આસિ. કમિશનર ભ્રાતા રવિરાજસિંહ વાઘેલા ચૂંટણી અધિકારીઓની ટીમ સાથે બ્ર.કુ. નેહાબેન.




ઉમરગામ સેવાકેન્દ્ર દ્વારા ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનમાં 'ઉદ્યોગમાં યોગ'કાર્યક્રમમાં મહારાષ્ટ્ર ઝોન ઈન્ચાર્જ સંતોષદીદી, એસો.ના પ્રમુખ જીજ્ઞેશભાઈ, બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. ચેતનાબેન.



માંગરોળમાં નવનિર્મિત 'દિવ્ય અનુભૂતિધામ'ના ઉદ્ઘાટન સમારોહમાં બ્ર.કુ.સરલાબેન, બ્ર.કુ. પૂર્ણિમાબેન, MLA ભ્રાતા ગણપતભાઈ, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. શારદાબેન, નયનાબેન, ચંદનબેન.




આણંદ ખાતે આયોજીત 'મહિલા કાર્યક્રમ'માં રામકૃષ્ણ સેવા સમિતિના મંત્રી જ્યોત્સનાબેન, જાગૃત મહિલા સંસ્થાના ડૉ.મીનાક્ષીબેન, આણંદ કૉલેજના આચાર્ય ધીરજભાઈ, બ્ર.કુ.ડૉ. સવિતાબેન, બ્ર.કુ.ગીતાબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૬ | જાન્યુઆરી - ૨૦૨૩ | અંક : ૦૧

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- બ્રહ્માબાબાનો અવ્યક્ત ફરિસ્તા ............તંત્રી સ્થાનેથી ..04
- અમૃતધારા ....................................દાદી જાનકીજી ..07
- સાકાર બ્રહ્માબાબા મારી નજરે ........દાદી પ્રકાશમણિજી ..09
- લોકો બ્રહ્માબાબાને કેમ ઓળખી ......બ્ર.કુ. જગદીશચંદ્ર ..13
- દિવ્યદર્શન .................................બ્ર.કુ. નંદિનીબેન ..16
- કેવું લાગશે આપણા પ્યારા બાબાને? બ્ર.કુ. પ્રો. પ્રફુલચંદ્ર ..18
- સ્મૃતિ દિવસનો પુરુષાર્થ........................બ્ર.કુ. વિનય ..20
- સ્મરણાંજલિ - બ્ર.કુ. રમેશભાઈ ...............................24
- આવા હતા મારા સાકાર બાબા ...........બ્ર.કુ. પ્રભાબેન ..26
- દાદી વૃજઈન્દ્રાજી ...........................બ્ર.કુ. હેમંતભાઈ ..30
- સંગમયુગની શબ્દાવલી ........................................34



**2023ના લવાજમના નવા દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૩૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૨૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૫.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૬૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૨,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 99798 99104**



**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની ભારતીદીદી**


**-:- વિશેષ સૂચના -:-**

જ્ઞાનમૃતનું નવું વર્ષ જાન્યુઆરી 2023 થી શરૂ થનાર છે. સર્વ ગ્રાહકો અને પ્રિય વાંચકોને જણાવવાનું કે, આપને સભ્ય બનવા તથા અંક મેળવવા માટે તાત્કાલિક તા. 30-11-2022 પહેલા આપનું નામ નજીકના સેન્ટર પર નોંધાવી સાથ-સહકાર-સહયોગ આપશો.

**આવશ્યક નોંધ**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**


**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**
**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# બ્રહ્માબાબાનો અવ્યક્ત ફરિસ્તા બનવાનો પુરુષાર્થ

સ્મૃતિદિવસ અર્થાત્ પ્રજાપિતા બ્રહ્માનો અવ્યક્ત દિવસ. ૧૮ જાન્યુઆરી, ૧૯૬૯ના દિવસે પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્માએ સંપૂર્ણ કર્માતીત સ્થિતિ પ્રાપ્ત કરી અને અવ્યક્ત વતનવાસી બન્યા. આજે પણ પિતાશ્રી બ્રહ્માબાબાનાં દિવ્યજીવન વૃતાંતની સૌરભ દેશ-વિદેશોમાં ફેલાઈ ચૂકી છે. જે અનેક આત્માઓને દિવ્ય અલૌકિક જીવન જીવવાની પ્રેરણા આપે છે. બ્રહ્માબાબા વિશે જેટલું લખીએ તેટલું ઓછું છે. આમ છતાં સાગરને ગાગરમાં સમાવી બ્રહ્માબાબાના દિવ્ય અલૌકિક પુરુષાર્થને અક્ષરદેહ આપવા નમ્ર પ્રયાસ કર્યો છે. બાબાના જીવનમાં નીચેની વિશેષતાઓ અગ્રસ્થાને છે.

**સંપૂર્ણ નિશ્ચય અને દૃઢમનોબળ -** બ્રહ્માબાબાને બનારસમાં દિવ્ય સાક્ષાત્કારો થયા ત્યારે તેમની વય ૬૦ વર્ષની હતી. હીરાઝવેરાતના વ્યવસાયમાં અર્થ અને યશની પ્રાપ્તિ શિરમોર હતી. આવા સમયે એમને સાક્ષાત્કારોમાં અને પરમાત્માએ સોંપેલા સૃષ્ટિ પરિવર્તનના કાર્યમાં સંપૂર્ણ નિશ્ચય હતો. એની સાથે સાથે માનસપટમાં જે દિવ્યચિત્રો આકાર લઈ રહ્યાં હતાં તેને સાકાર કરવા માટે દૃઢમનોબળ હતું. ૬૦ વર્ષની વય એટલે જીવન સંધ્યાનું સ્વાગત કરવાની વેળા. આમ છતાં બ્રહ્માબાબાએ ૬૦ થી ૯૩ વર્ષની વચ્ચેના ૩૩ વર્ષોમાં જે કાર્ય કર્યું, ફરિસ્તા બની સંપૂર્ણ કર્માતીત બનવાનો જે પુરુષાર્થ કર્યો તે વિશ્વ ઈતિહાસમાં સોનેરી અક્ષરે લખાઈ ચૂકેલ છે. આટલું ભવ્ય, ઉન્નત, ઊર્ધ્વગામી પ્રદાન બ્રહ્માબાબા સમાન કોઈએ કર્યું નથી.

**બેહદની ભાવના -** પરમાત્મા શિવે જ્યારે બાબાના મરજીવા જન્મનું નામ પ્રજાપિતા બ્રહ્મા આપ્યું ત્યારથી જ બ્રહ્માબાબાનાં મન, વાણી અને કર્મમાં એકરૂપતા જોવા મળી. અલૌકિક પિતા તરીકે વિશ્વના સર્વઆત્માઓ પ્રત્યે પ્રાણીઓ સુધ્ધા પ્રત્યે તેમણે પિતાના વાત્સલ્યની અમીધારાનાં દર્શન કરાવ્યાં. સૌને બચ્ચે બચ્ચે કહી નિર્મળ સ્નેહમાં ભીંજવતા રહ્યા. એમની દૃષ્ટિમાં જે બેહદભાવના હતી તેના ફળ સ્વરૂપે વસુધૈવ કુટુંબકમની ભાવના સાકાર બની. દેશ-વિદેશોમાં બ્રહ્માવત્સો વચ્ચે આજે દૈવી પરિવારના રુહાની સ્નેહની કડી જોડાઈ છે તેના પાયામાં બ્રહ્માબાબાની બેહદની ભાવના છે. જે દેહ નહીં પણ આત્માને જ કેન્દ્રસ્થાને રાખે છે. આજે ઘણાં મઠ, પંથ, સંપ્રદાયોમાં વારસાગત ગાદીપતિની પરંપરા જીવંત છે. ત્યારે જ્ઞાન, ગુણ અને યોગ્યતાના આધારે એમણે દાદી પ્રકાશમણિજીના કરકમલોમાં સંસ્થાનું સુકાન સોંપ્યું. તે કેટલું મહાન, અજોડ અને અધ્યાત્મ ઇતિહાસમાં ઉલ્લેખનીય પ્રદાન છે. તેની પ્રતીતિ સૌને થાય છે.

**સંપૂર્ણ સમર્પણ -** દિવ્ય સાક્ષાત્કારો પછી પરમાત્માએ સોંપેલા કાર્યના પોતાનાથી જ શ્રી ગણેશ કરી, વિશ્વ સમક્ષ ઉત્તમ ઉદાહરણ રૂપે તેમણે ત્યાગનું ગૌરવ વધાર્યું. બ્રહ્માબાબાએ તન, મન, ધન, સ્થાવરમિલ્કત, પોતાના પરિવાર સહિત સર્વસ્વ સમર્પણ કર્યું. બુદ્ધના ત્યાગને જો મહાભિનિષ્ક્રમણ નામ આપવામાં આવ્યું હોય તો બ્રહ્માબાબાના સંપૂર્ણ સમર્પણને મૂલવવા શબ્દકોશમાં કોઈ શબ્દ જ નથી. તેથી બ્રહ્માબાબાએ જે રીતે, જેટલું અને જેવું સમર્પણ કર્યું તેવું આજ સુધી કોઈ કરી શક્યું નથી. સમર્પણની સાથે સતત યજ્ઞના વિકાસ માટે એમણે જે ભોગ આપ્યો છે તેનો વિશ્વના ઇતિહાસમાં જોટો જડે તેમ નથી.

**શ્રેષ્ઠ મૂલ્યો સભર જીવન -** બ્રહ્માબાબા પુરુષોમાં ઉત્તમ પુરુષ તરીકે જીવ્યા. બાબાનું વ્યક્તિત્વ એટલું ચુંબકીય હતું કે સૌ બ્રહ્માવત્સોને લાગતું કે બાબા મારા છે. તેમણે રુહાની વિધિ દ્વારા યજ્ઞની વૃદ્ધિ કરાવી. દેહના સંબંધો ભૂલાવી ઉડતા રહેવાનું શીખવ્યું. સમસ્યાઓ, વ્યર્થ સંકલ્પોને પાણીમાં પડેલી રેખાની જેમ પાર કરવાનું શીખવ્યું. આત્માઓમાં શુભભાવના, શુભકામનાઓનો ભરપૂર સ્ટોક ભર્યો. નિમિત્ત આત્માઓને આધારસ્વરૂપ આત્મા બનાવી નવા ઊંચા શ્રેષ્ઠ સંકલ્પો કરતાં શીખવ્યું. બાબા કહેતા, થોડું વિચારો, સમર્થ સંકલ્પ કરો, ખુશીના વિચારો કરો. બાબાએ બેહદની કામના, બેહદની વૈરાગ્યવૃત્તિ રાખી અને વ્યક્તભાવ તથા વૈભવોના ભાવના આકર્ષણથી દૂર રહ્યા. રાજઋષિ બની યોગ દ્વારા કર્મભોગ ઉપર વિજય મેળવ્યો. સદા પ્રસન્નચિત્ત રહ્યા. તેમણે મનનશક્તિ અને જ્ઞાનની ગહનતાની અનુભૂતિ કરાવી. સહજયોગીની સાથે સાથે કર્મયોગી બન્યા. વિશ્વકલ્યાણકારી બની દરેક આત્મા અને પ્રકૃતિ પ્રત્યે પણ શુભભાવના રાખી. તેમની વાણીમાં એટલી શક્તિ હતી કે ઉદાસ આત્મા પણ એમને મળતાં જ પ્રસન્નતાની અનુભૂતિ કરતો. એમના બોલ ઓથોરિટીયુક્ત હતા. ગતિ, સદ્‌ગતિનો રાહ ચીંધી એકરસ, સૂર્ય સમાન ચમકતા રહેવાનો પુરુષાર્થ સ્વયં કર્યો અને બ્રહ્માવત્સોને કરાવડાવ્યો. બાબાએ પરોપકારી બની નામ, માન, શાનનો ત્યાગ કર્યો એટલું જ નહીં પણ બાબા કહેતા 'ગાલી દેનેવાલે કો ભી ગલે સે લગાઓ.' આમ હોપલેસ આત્મામાં પણ હોપ (આશા) જગાવવાનું તેમણે કાર્ય કર્યું. બાબાએ દરેકની વિશેષતાઓ જોવાનું શીખવ્યું. બાબા કહેતા 'ધરતપરિયે, ધર્મ ન છોડિયે' આમ તેઓ સ્વયં સૌ માટે એક આદર્શ બની રહ્યા.

બાબાએ યજ્ઞવત્સોની એટલે ગહન પાલના કરી છે કે આજે પણ બાબાની પાલના લેનાર દાદીઓ, ભાઈઓ બાબાની શ્રીમત પર યથાર્થ રીતે ચાલી રહ્યા છે. અને અનેક આત્માઓ માટે પ્રેરણારૂપ બની રહ્યાં છે. બાબાએ પ્લેન અને પ્રેક્ટિકલને સમાન બનાવવાની તાલીમ આપી. બાબાએ સેમ્પલ બનવાનો આદર્શ આપ્યો અને શીખવ્યું કે 'જો કર્મ મૈં કરુંગા મુઝે દેખ સબ કરેંગે'. આમ સ્વમાન આપવામાં બાળકોને આગળ રાખ્યાં. બાબાએ સ્નેહ અને શક્તિનું બેલેન્સ રાખી ગમે તેવા કમજોર, નબળા આત્માઓ પ્રત્યે પણ સદા પરિવર્તનની શુભભાવના રાખી. બાબાનું જીવન સર્વદિવ્ય-ગુણોના ગુલદસ્તાથી મહેંકતું હતું. દેવીદેવતા માટે યોગ્યતાના જે માપદંડો છે તે બ્રહ્માબાબાના જીવનમાં દૃશ્યમાન થતા હતા. બાબાએ નારી શક્તિની દિવ્યતા ઓળખી તેને ગૌરવવંતુ સ્થાન આપ્યું.

**ફરિસ્તા સ્વરૂપ -** યજ્ઞના વિકાસની સાથે સાથે બાબાના આંતરવ્યક્તિત્વનો પણ સદા વિકાસ થતો રહ્યો. તેનો ગ્રાફ ઊંચેને ઊંચે જવા લાગ્યો. ફરિસ્તા સ્વરૂપના ગુણો બાબાના જીવનમાં સૌ અનુભવવા લાગ્યાં. બાબા હદના સંબંધોથી દૂર રહ્યા. સર્વ હદોને પાર કરી સતત ઉપરામ અવસ્થામાં રહેવા લાગ્યા. ઉડતા પંખી સમાન બની રહ્યા. તેઓ ગુણ સ્વરૂપ, શક્તિ સ્વરૂપ, યાદ સ્વરૂપની શ્રેષ્ઠ અવસ્થાએ પહોંચી ગયા. એમના મસ્તકમાં સૌ બ્રહ્માવત્સો ચમકતી લાઈટનો અનુભવ કરવા લાગ્યા. 'એક બાપ દૂસરા ન કોઈ' એ એમનું જીવનધ્યેય રહ્યું. બુદ્ધિરૂપી વિમાનમાં બેસી વતનમાં ઉડવાનો સતત પુરુષાર્થ કરતા રહ્યા. બાબાના ઓરડામાં યા ઝૂંપડીમાં બાબા આજ સ્થિતિમાં જોવા મળતા. આત્માસ્વરૂપનો અને શિવપિતા સાથે સર્વસંબંધોની અનુભૂતિનો નશો બ્રહ્માબાબામાં

જોવા મળતો. હમણાં હમણાં શરીરમાં આવવું અને હમણાં હમણાં શરીરથી ન્યારા બનવું. એ સ્વાભાવિક ક્રમ બની રહ્યો. કન્ટ્રોલીંગ પાવર અને સમેટવાની શક્તિ ઉચ્ચ સ્વરૂપમાં જોવા મળતી. સ્વયં તો બેદાગ હીરા બન્યા પણ બ્રહ્માવત્સોને પરદર્શન, પરચિંતનથી મુક્ત બનવા પ્રેરિત કર્યા. મનસા સેવા દ્વારા વિશ્વના ખૂણે ખૂણામાં યોગનાં આંદોલનો વહેતા કર્યાં. જેનું પરિણામ આજે જોવા મળે છે. બાબાનું દરેક કર્મ ચરિત્ર સમાન ગાયન યોગ્ય બન્યું. બાબા ડબલ લાઈટ સ્વરૂપમાં દૃશ્યમાન હતા. ફરિસ્તા અર્થાત્ વિકારી દુનિયાના વિકારી વાતાવરણ, વાયબ્રેશન્સ, વિકારી સ્વભાવ, સંસ્કાર, વિકારી દૃષ્ટિ યા વૃત્તિથી પરે રહ્યા. સારવાર દરમિયાન હોસ્પિટલના વાતાવરણને યોગયુક્ત, રુહાનિયતપૂર્ણ બનાવી દીધું. બ્રહ્માબાબાના બોલ ફરિસ્તાના બોલ, થોડા અને મધુર બોલ હતા.

બાબા નષ્ટોમોહા સ્મૃતિસ્વરૂપની અવસ્થામાં જોવા મળતા. યજ્ઞનો વિકાસ, બ્રહ્માવત્સોનો સ્નેહ આ બધું હોવા છતાં અવસ્થા ઉપરામ, યોગયુક્ત જોવા મળતી. સર્વ હિસાબ કિતાબ ચુક્તે કરી કર્માતીત અવસ્થા તરફ બ્રહ્માબાબાનો પુરુષાર્થ આગળ વધી રહ્યો હતો. સર્વ આત્માઓ પ્રત્યે બાબાને રહેમ અને કલ્યાણની ભાવના હતી. બાબા જીવનના છેલ્લા શ્વાસ સુધી સ્વઉન્નતિ અને સર્વની ઉન્નતિમાં કાર્યરત રહ્યા. બ્રહ્માવત્સોના પત્રોના ઉત્તરો પણ આપતા રહ્યા. છેલ્લી ઘડી સુધી રુહાની ટીચરનો રોલ અદા કરી મુરલી ચલાવી. બાબાએ વાણીમાં જ ભાવિ સંકેતો આપી દીધા હતા. નિરાકારી, નિર્વિકારી, નિરહંકારી સ્થિતિમાં સ્થિત થઈ વિશ્વને સ્થૂળરૂપે અલવિદા કરી.

આજે પણ બ્રહ્માબાબા અવ્યક્ત સ્વરૂપે વિશ્વસેવા કરી રહ્યા છે. શિવબાપ સમાન સ્થિતિ હોવાને કારણે અનેક બ્રહ્માવત્સોને અનુભૂતિ કરાવી વિશ્વ નવનિર્માણના કાર્યમાં જોડી રહ્યા છે. બ્રહ્માવત્સોની તીવ્ર આધ્યાત્મિક પુરુષાર્થની અભીપ્સા રાખી નવી દુનિયાનાં દ્વાર ખોલવાનું આવાહ્ન આપી રહ્યા છે.

॥ ૐ શાંતિ ॥

**- બ્ર.કુ. કાલિદાસ**

---

**(પેજ નં. 15નું અનુસંધાન)... લોકો બ્રહ્માબાબાને કેમ ઓળખી ના શક્યા.**

સંગની પણ ઘણી જ સભાનતા રાખવાની છે. એક સંગ તારે છે, અને બીજો ડૂબાડે છે. એટલે કે કુસંગથી સદા મુક્ત રહો.

પોતાના સંસ્કારોને સંપૂર્ણ પાવન બનાવવા માટે દેહ સહિત દેહના સર્વ સંબંધોને ભૂલીને પોતાને આત્મા સમજી એક નિરાકાર પરમપિતા શિવને જ યાદ કરો.

ઈચ્છાઓના દાસ નહીં બનો પણ ઈચ્છાઓને સમાપ્ત કરી માયાના દગાથી બચો ઈચ્છા માત્રમ્ અવિદ્યા બનો.

અમૃતવેળાએ ઉઠીને બાબાને શ્વાસો શ્વાસ યાદ કરો. પોતાના અમૂલ્ય સમયને સફળ કરો.

તમે સાચા સાચા ખુદાઈ ખિદમતગાર છો. તમારે સદા સેવામાં તત્પર રહેવાનું છે. કદી પણ થાકવાનું નથી.

તમારે સર્વ પ્રત્યે શુભભાવના રાખી, રહેમદિલ બની બીજાઓનું કલ્યાણ કરવાનું છે. સર્વને સાચુ સ્વમાન આપવાનું છે.

તમારે દરરોજ પુણ્યનું કામ કરવાનું છે. સૌથી મોટામાં મોટું પુણ્ય છે બીજાઓને પરમાત્મા શિવની યાદ અપાવવી, પવિત્ર જીવન જીવવું તે.

દાનનું ઘણું મહત્ત્વ છે. તો તમારે જ્ઞાનદાનની સાથે ગુણોનું પણ દાન કરવાનું છે.

**॥ ઓમશાંતિ ॥**

## અમૃતધારા

# નિરાકારી - નિર્વિકારી - નિરઅહંકારી

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



### નિરાકારી સ્થિતિ

નિરાકારી એટલે જ અશરીરી બનવું. નિરાકારી બનવું એટલે જે ઈશ્વરીય ગુણ છે તે સર્વ આપણામાં આવે, જ્ઞાનના સાગર, પવિત્રતાના સાગર જે બાબા (પરમપિતા પરમાત્મા) છે તેવા આપણે બનીએ. નિરાકારી એટલે એકદમ સાકારી, આકારી-મૂર્તથી ન્યારા બનવું. બીજરૂપ અવસ્થા. દરેક વાતને સેકંડમાં મર્જ કરી લેવી. જે વાત બની ગઈ તેનું ચિંતન ન ચાલે એ છે નિરાકારી સ્થિતિ. સર્વશક્તિવાન બાબાનો બાળક છું. બાબાની પાસેથી શક્તિ લેતા રહીએ. દુનિયાથી ન્યારા અને બાબાના પ્યારા. આ છે નિરાકારી સ્થિતિનો અનુભવ. જે નિરાકારી અવસ્થાના અનુભવી આત્મા છે તેઓ ડ્રામાનો ખેલ સાક્ષી બનીને જોશે. કોઈ પણ ચીજ સામે ઈમર્જ થઈ, તો તેને સેકન્ડમાં મર્જ કરી દો. આત્મિક સ્થિતિમાં રહેવાથી જ આપણે આ સ્થિતિનો અનુભવ કરી શકીએ છીએ. નિરાકાર બાપ અને ઘરને યાદ કરવાં. દેહથી ન્યારા અશરીરી બનવું આ છે નિરાકારી સ્થિતિ.

### નિર્વિકારી સ્થિતિ

સિંધી ભાષામાં વિકાર કહેવાય છે રોગને. આ પાંચ વિકાર પણ રોગ છે. ઘણી ગંદી બીમારીઓ છે. બાબા આ રોગોથી છોડાવવા કહે છે. નિર્વિકારી બનો. વિકારોને ભૂત પણ કહેવાય છે. પાંચ વિકારો મોટાં ભૂત છે. જેને કહેવાય છે. માયા રાવણ. એને જીતીએ ત્યારે આપણે નિર્વિકારી બન્યા એમ કહેવાય. નિર્વિકારી સ્થિતિ આપણને બ્રાહ્મણમાંથી ફરિસ્તા બનાવવામાં મદદ કરે છે.

### નિર્વિકારી અને નિરઅહંકારી સ્થિતિમાં શો ફરક છે ?

અહંકાર પણ વિકારમાં ગણાય છે. તો પછી બાબાએ આ શબ્દને અલગ કેમ ગણ્યો છે. જેમ પહેલાં નિરાકારી બની જઈએ છીએ. તો દેહભાવથી મુક્ત બની જઈએ છીએ. નિર્વિકારી બનીએ છીએ તો નિરોગી બનીએ છીએ. અને નિરઅહંકારી એટલે કાર્ય વ્યવહારમાં આવતાં, દરેક સેવામાં આવતાં ભૂલે ચૂકે પણ અહંકાર ન આવે કે મેં આ કર્યું. હું કરું છું. અહંકાર જ્ઞાનીની પાછળ પણ બહુ ફરે છે. જેના માટે બાબા કહે છે ચઢે તો ચાખે વૈકુંઠ રસ. પાડનાર છે રાવણ. અહંકાર ઘણો સૂક્ષ્મ છે. વિકાર સ્પષ્ટ દેખાઈ દે છે. અહંકાર જ્ઞાનીમાં હોય છે, તો અજ્ઞાનીમાં પણ હોય છે, અજ્ઞાનીનો અહંકાર આ પ્રમાણે છે. હું ઘણો ભણેલો ગણેલો છું. મારી પાસે ઘણું ધન છે. આટલી બુધ્ધિ છે. આવો અહંકાર તો જ્ઞાની બનતાં આપણામાંથી નીકળી ગયો. ભગવાનને ઘેર આવો અહંકાર આપણે બતાવી શકીએ નહીં. હું પૈસાવાળો છું. હું સુંદર છું આમ કહેવું તે સર્વ અજ્ઞાનનો અહંકાર છે. બાબાના બાળક બનતાં આ વાત આપણામાંથી ચાલી ગઈ. ક્રોધ પણ અહીં કોઈ કરી શકે નહીં. કોઈ કાયદો પોતાના હાથમાં લઈ શકે નહીં. વિકાર તો સમાપ્ત થઈ ગયા પણ સૂક્ષ્મ રૂપે જૂના સંસ્કાર પડેલા છે. આવેશમાં આવી જશે અથવા રોબ બતાવશે. આ પણ ક્રોધનો અંશ છે. આ સર્વ નીકળી જવાં જોઈએ. જેને બાબા કહે

છે પૂરા નિર્વિકારી બનો. લોભ બીજું કંઈ નથી. પણ ચણામાં બુધ્ધિ ચાલી ગઈ. તપસ્યા કરતાં કરતાં બોરમાં બુધ્ધિ ચાલી ગઈ. તો તપસ્યા ભંગ થયો. મોહ દુનિયાવાળાઓમાંથી નીકળી ગયો પણ બ્રાહ્મણ પરિવારમાં કોઈ દેહધારી સાથે થોડી આસક્તિ થઈ. બાબા કહે છે. આનાથી બચો. એક કદી કોઈને આંખ બતાવશો નહીં. કદી આવેશમાં આવશો નહીં. કામ પણ તૃષ્ણા છે. હવે સર્વ ઈચ્છાઓ, તૃષ્ણાઓ સમાપ્ત થઈ જવી જોઈએ.

## ઈચ્છા, આશા અને તૃષ્ણાનો ભેદ

ઈચ્છા હળવી હશે. ઈચ્છા પૂરી થાય કે ન થાય પણ એમ કહેવાશે. આ મારી ઈચ્છા છે. શિવબાબા મારી આશા પૂરી કરે, તો મને ઘણી ખુશી થશે. આશાને પૂરી કરવા યોગ પણ કરશે. પરંતુ તૃષ્ણામાં તમોગુણ સમાયેલો હોય છે. તૃષ્ણાઓ પૂરી નહીં થાય તો રડવું આવી જશે. દુ:ખની પણ અનુભૂતિ થશે. આ સૂક્ષ્મવિકારો રહ્યાં છે. આશાઓ, તૃષ્ણાઓ સર્વ નષ્ટ થઈ જાય. ઈચ્છા માત્રમ્ અવિદ્યા બની જાઓ. પૂજારીઓ જે ભક્તિ કરે છે તે આશાથી કરે છે. બીજાનું ભલે ખરાબ થાય પણ મને તો પ્રાપ્તિ જ થાય. બીજાઓનું ધન લૂંટવા પણ પૂજા કરશે. તે છે તૃષ્ણાવાળા. દેવ પૂજારી આશાવાળા હશે કે મારે આ આશા છે. પણ તેનાથી આગળ બીજું કંઈ નહીં પણ મારી ઈચ્છા છે. બાબા કહે છે બાળકો હવે તમે મારાં બની ગયાં તો આશા તૃષ્ણા સર્વ સમાપ્ત. ઈચ્છાઓ પણ તમારામાં ન હોવી જોઈએ. કારણ કે દેવતાઓ માટે પ્રકૃતિ દાસી હોય છે. જો કોઈ આશા યા તૃષ્ણા છે તો કર્મબંધનમાં ફસાઈ જશો. જ્યારે આટલું ઊંડું જ્ઞાન પરમાત્મા પાસેથી મળી રહ્યું છે તો સારી રીતે વિચારો કે કયા પ્રકારની આશા તૃષ્ણા છે, જે આપણને બંધનમુક્ત બનવા દેતી નથી. આશા તૃષ્ણા છે તો અવસ્થા કદી પણ ખુશમિજાજ નહીં રહે. જ્ઞાની યોગીનાં લક્ષણ ધારણ કરવા દેશે નહીં. જ્ઞાન યોગની ચમક ચહેરાથી દેખાશે નહીં. જ્યારે આ બંનેના પંજામાંથી છૂટો તો પછી જુઓ કે કોઈ નાની ઈચ્છા પણ રહી નથી ને ? ભક્તિમાર્ગમાં કોઈ શરીર છોડવાની પળોમાં હોય છે ત્યારે તેને પૂછવામાં આવે છે કે તેમની કોઈ ઈચ્છા છે ? તૃષ્ણા છે? તૃષ્ણાવાળા કહેશે કે હું આ ખાઉં. આશાવાળા કહેશે કે મારા પુત્ર, મારી પત્નીને બોલાવો. ઈચ્છાવાળા કહેશે બીજું કંઈ નહીં પણ થોડી ઈચ્છા હતી. પોતાનો અંતકાળ સારો જાય તેવું કોઈ વિરલા જ વિચારે છે. તેઓ કહેશે મારી સામે ભગવાનની કોઈ મૂર્તિ રાખો. તૃષ્ણાવાળાની આંખ મરતાં સુધી તિજોરી તરફ જશે. તેનો સંકલ્પ ચાલશે મારા મર્યા પછી આને મળે, આને ન મળે. જેની સાથે વેરભાવ હશે તે પણ સામે આવશે. તો બાબા પણ આપણને કહે છે કે બાળકો, આ તમારી અંતિમ ઘડીઓ છે. આ અંતિમ પળોમાં પોતાની જાતને પૂછો કે મારે કોઈની સાથે વેરભાવ તો નથી ને ? કોઈનામાં મમત્ત્વ તો નથી ને ? કોઈ ઈચ્છાઓ તો નથી ને ? પોતાને જોતા રહો, કે કોઈ રોગ ખેંચી રહ્યો તો નથી ને ? જો આટલું ધ્યાન રહે છે તો નિરાકારી, નિર્વિકારી, નિરઅહંકારી બનવા માટે વિચારો કે મેં કંઈ જ કર્યું નથી. બાબા કરે છે, બાબા કરાવે છે. હું આત્મા ન્યારો પ્યારો રહું. દરેકની વિશેષતા પોતપોતાની છે. જો એમ માનો કે મારી સમજણ જ સાચી છે તો તે પણ અહંકારનો અંશ છે. થોડો પણ અહંકાર હશે, તો નાના મોટાંઓને પ્રેમ અને આદર નહીં આપી શકીએ. નિરઅહંકારી સદા પ્રેમ અને આદરની આપલે કરશે. તે કદી એમ નહીં વિચારે કે મને આદર નથી મળતો પોતાને પ્રેમ મળે તેવી પણ તે ઈચ્છા રાખશે નહીં. આદર યા પ્રેમની અપેક્ષા રાખવી તે પણ ઈચ્છા છે. તે પણ અહંકારની નિશાની છે.

॥ઓમશાંતિ ॥

# સાકાર બ્રહ્માબાબા મારી નજરે


બ્ર.કુ. રાજયોગિની દાદી પ્રકાશમણિજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



મેં મીઠા સાકારબાબામાં નિરાકાર ભગવાનની પૂરી છબી જોઈ. શિવબાબા તો નિરાકાર છે પરંતુ મેં એમની સર્વશક્તિઓ બ્રહ્મા બાબામાં સાકારરૂપમાં જોઈ કહેવાય છે. 'ગુરુ ગોવિંદ દોંનો પડે, કાકે લાગુ પાય...' તો હું સદૈવ જોતી હતી કે નિરાકારની જ અપરંપાર મહિમા નહીં પરંતુ નિરાકારે પોતાની સર્વ અપરંપાર મહિમા સાકારમાં ભરી દીધી હતી. નિરાકારને તો અમે નિરાકાર જ જાણતાં, માનતાં પરંતુ એમનું આ સાકાર માધ્યમ પણ નિરાકાર સમાન જ હતું. તે સમાનતા અમને સદૈવ સાકાર તરફથી મળતી હતી.

જેમ નિરાકાર સર્વ મનુષ્ય આત્માઓના પિતા છે તો સાકારમાં બ્રહ્માબાબા, આદિ દેવ બાબા ગ્રેટ ગ્રેટ ગ્રાન્ડ ફાધર, સમગ્ર વિશ્વના મનુષ્યોના પિતા છે. તેઓ સાકારમાં અમને સૌને માતપિતાના રૂપમાં પાલના આપતા હતા. સાકારમાં આપણ સૌ બાળકોને મીઠા બાબાએ અલૌકિક દિવ્ય જન્મ આપીને પોતાના સમાન ઉચ્ચ બનાવ્યાં.

નિરાકારની મહિમા છે કે તેઓ જ્ઞાનના સાગર છે. પરંતુ મેં તો સાકારમાં માસ્ટર જ્ઞાન સાગર બ્રહ્માબાબાને મેળવ્યા, જેઓ સદાયે જ્ઞાનનાં અવિનાશી રત્નોથી સ્વયં પણ ભરપૂર રહેતા હતા અને બાળકોની પણ અવિનાશી જ્ઞાન રત્નોથી ઝોળી ભરતા હતા. જેમ નિરાકાર બિન્દુ જ્યોતિમાં સર્વ સમાયેલું છે તે રીતે બ્રહ્માબાબાના બિન્દુ જ્યોતિ આત્મામાં પણ સર્વ કાંઈ સમાયેલું હતું. મેં તો સાકારમાં જ્ઞાનના સાગર મેળવ્યા.



નિરાકાર બાબાને પ્રેમના સાગર કહીએ છીએ પરંતુ મેં તો બ્રહ્માબાબાને વાસ્તવિકરૂપમાં પ્રેમના સાગર જોયા. એમની પ્રેમભરી પાપણોમાં અમારા સૌની પાલના થઈ છે. એમની પાંપણોમાં છુપાયેલાં છીએ. પરમાત્મા પ્રેમનો અનુભવ નિરાકારથી આપણે કઈ રીતે કરીએ પરંતુ સાકાર બાબાએ અમને તે પરમાત્મ પ્રેમ, અલૌકિક પ્રેમ આપ્યો. આપણા સાકારબાબા પ્રેમના સાગર હતા. સ્નેહની મૂર્તિ હતા. આમ સ્નેહનો આકર્ષણમૂર્ત ચહેરો સર્વના દિલોને આકર્ષિત કરી લેતો હતો. એમની સમક્ષ આવતાં જ પળમાં દિવસ, દુનિયા સર્વ કાંઈ ભૂલાઈ જવાતું અને અમે એક અલૌકિક આનંદમય દુનિયામાં સ્વયંને અનુભવતાં.

શાંતિના સાગર આપણે શિવબાબાને કહીએ છીએ પણ અમે સાકારમાં બ્રહ્માબાબાને સદા શાંતિના સાગરના તળિયે અપારશાંતિની ગહનતામાં, સદા શાંતિનાં કિરણો આપનારા મીઠા બાબા જોયા. આવી શાંતિની શક્તિ બાબાના નયનોમાં પ્રકાશિત થતી હતી. ગમે તેવો અશાંત આત્મા બાબાની આત્મિક દૃષ્ટિની સમક્ષ આવતાં જ ગહન શાંતિની અપાર અનુભૂતિ કરતો હતો.

શિવબાબા માટે કહીએ છીએ કે તેઓ સર્વશક્તિવાન છે. પરંતુ અમે બ્રહ્માબાબાને એ સર્વ

શક્તિઓના દાતાના રૂપે જોયા. ગમે તેવો નબળો આત્મા આવે, પણ બાબા એક પળમાં એનામાં એટલી શક્તિ ભરી દેતા જેથી એની આત્મારૂપી બેટરી ફુલ ચાર્જ થઈ જતી. જેનામાં જે શક્તિની ખામી હોય, તેને તે શક્તિ બાબાની દ્રષ્ટિ પડવાથી એનામાં સહન કરવાની શક્તિ આવી જતી. પછી તે આત્મા કદી એમ ના કહે કે મારાથી સહન થતું નથી. બાબા આવા સહનશક્તિના દાતા હતા. બાબામાં એટલી જ સાગરની જેમ સમાવવાની શક્તિ હતી. પારખવાની પણ એટલી તેજ શક્તિ હતી. હીરા પારખવા તે તો સામાન્ય વાત છે પરંતુ બાબા પળમાં નખથી એડી સુધી આત્માને પારખી લેતા હતા. બાબાની સામે કોઈ ગમે તેવો પ્રશ્ન લઈને આવે પરંતુ બાબાના નિર્ણયનો જવાબ એમને મળી જતો. જેથી એમના સર્વ પ્રશ્નોનો એક પળમાં હલ થઈ જતો. આ રીતે બાબાની પાસે પ્રેક્ટિકલમાં સર્વ શક્તિઓનો સ્ટોક હતો. બાબા શક્તિઓના દાતા હતા. નિરાકારને ઓલમાઈટી કહેવાય છે. પરંતુ હું કહીશ કે સાકાર બાબા પણ ઓલમાઈટી હતા. અને જેટલા ઓલમાઈટી હતા એટલા જ ઓથોરિટી હતા. કારણ કે બાબાને સદા એ નશો રહેતો હતો કે હું વિશ્વનો પિતા ગ્રેટ ગ્રેટ ગ્રાન્ડ ફાધર છું. એટલા જ માતાના રૂપમાં પ્રેમથી પાલના આપનાર મીઠી મીઠી મોટી મા હતા.

બાબા ઓલમાઈટી, હાઈએસ્ટ સર્જન હતા. બાબાની યોગની દ્રષ્ટિ જ એક પળમાં સર્વ બીમારીઓને એવી ભૂલાવી દેતી કે જાણે જાદુ થઈ જતો. બાબા એવી જાદુની દ્રષ્ટિ આપતા હતા કે એ રુહાની દ્રષ્ટિમાં અનેક બીમારીઓને દૂર કરવાની શક્તિ હતી. બાબા દ્રષ્ટિથી જ દુઃખ-દર્દ ખેંચી લેતા હતા.

નિરાકારને કહે છે કે તો આનંદના સાગર છે. પરંતુ અમે બ્રહ્માબાબાને સદા આનંદના અગાધ સાગરમાં લહેરાતા જોયા. બાબા એટલા આનંદથી પોઢેલા બતાવવામાં આવે છે. એમને કોઈ ચિંતા નહોતી. આટલાં બાળકો હોવા છતાં પોતે એકલા જ છે એવી સ્થિતિમાં રહેતા. બાબા બેગમપુરના ફિકર વગરના બાદશાહની જેમ રહેતા.

વિશ્વ કલ્યાણ માટે સર્વ ધર્મના, સમગ્ર વિશ્વના આત્માઓ બાબાની સામે હતા. બાબા જ્યારે સાંભળતા કે દુનિયામાં કેટલાં દુઃખ-દર્દ, લડાઈઓ, હિંસા, પાપાચાર છે તો લાગતું કે બાબાને બાળકોનું દુઃખ સહન નહોતું થતું. આ સર્વ જોઈને બાબા કહેતા બસ, આ જૂની દુનિયાનું પરિવર્તન કરો. હવે જલદી એનો વિનાશ થાય તો નવી દુનિયા આવે. જ્યાં મારાં સર્વ બાળકો સદ્‌ગતિને પ્રાપ્ત કરે. સર્વધર્મવાળા પાછા પોતાને ઘેર જાય. સર્વને મુક્તિ મળે. બાળકોને જીવનમુક્તિ મળે. સર્વને બાપનો પરિચય મળે. બાપ સાથે સર્વનો સંબંધ જોડાય. સર્વ બાપ પાસેથી વારસો મેળવે. કોઈ પણ વંચિત ના રહે. સર્વ બાળકો અંધકારથી નીકળીને પ્રકાશમાં આવે. આટલી બાબાને બાળકો માટે અભીપ્સા રહેતી હતી.

શિવબાબાને વિઘ્નવિનાશક કહીએ છીએ. મેં સાકારમાં બાબાને સદા વિઘ્નોને જીતનારા જોયા. કોઈ પણ મોટી વાત નથી. નથીંગ ન્યુ. આ પણ ડ્રામા. બાબા એક પળમાં બિન્દુ લગાવી દેતા. બાબાના મસ્તક પર કદી લેશમાત્ર પણ ફિકરનું ચિન્હ જોવા મળતું નહોતું. પાણીમાં લિસોટાની જેમ આવે અને વિઘ્ન ચાલ્યું જાય. ગમે તેવું વિઘ્ન આવે. ભલે સમાજ નારાજ થાય, અલૌકિક વિઘ્નરૂપ બને - ગમે તે થયું પણ બાબાને એકદમ ઊંચી સ્થિતિ ઉપર જોયા. કોઈ વાતની ફિકર નહીં. બાબા એટલા શક્તિશાળી હતા. જે વિઘ્નને પળમાં હલકું

કરી દેતા એટલે સદા વિષ્ણુની જેમ તદ્દન હર્ષિતમુખ જોયા અને સદા લાઈટમાં ચમકતી બાબાની સૂરત અને મૂરત જોઈ.

બાબા સાધારણમાં પણ સાધારણ કર્મ કરવા છતાં પણ સદા ઉંચા નશામાં રહેતા હતા. બાબાને મેં કદી ઉચ્ચ અવસ્થાથી નીચે ઊતરતા જોયા નથી. ખાવું-પીવું, હરવું-ફરવું, બાળકોને પત્ર લખવા, માર્ગદર્શન આપવું - સર્વ કાંઈ કરતાં સદા જુઓ તો ઊંચામાં ઊંચા બાબા પોતાની ઊંચી સ્થિતિમાં છે. હું બાબાને અનેકવાર જોતી હતી. મને જમીનથી આકાશ સુધી બાબા જ દેખાતા. જેનું માપ કાઢી શકતી નહોતી. હું આવા મોટા મોટા બાબા એકવાર નહીં, અનેકવાર જોતી હતી. બાબાના મસ્તક પર સદૈવ લાઈટનો બલ્બ જાણે ચમકતો હતો. એવો અનુભવ થતો. જાણે બાબા શીતળ મીઠા સવારના સૂરજની જેમ ચમકતા. બાબાના મસ્તકથી ચંદ્રનાં ચમકતાં શીતળ કિરણો નીકળી રહ્યાં હોય તેવું લાગતું. બાબાને એમ બાળકોમાં શુદ્ધ મોહ પણ ઘણો હતો. પરંતુ મોહ હોવા છતાં બાબા સદા નિર્મોહી હતા. બાબાને અમે એક દિવસ પણ પત્ર ન લખીએ, તો બાબા ફોન કરે કે બેટી, પત્ર આવ્યો નહીં. બાબાનો પણ દરરોજ નવી નવી પ્રેરણાઓથી ભરેલો પત્ર અમને મળતો હતો. બાબા એક જ પત્રમાં સેવા માટે બળ, પ્રેમ, શક્તિ, હિંમત, ઉલ્લાસ ભરી દેતા હતા. બાબાના હાથે લાલ શાહીમાં લખાયેલો પત્ર એ જ અમારી પ્રેરણા હતી. બાબા કહેતા - હું અંતર્યામી નથી. પરંતુ મેં તો સદા બાબાને અંતર્યામી જોયા. જ્યારે હું કોઈ વાત પૂછવા માટે બાબાને પત્ર લખતી તો એના પહેલાંથી જ બાબાનો જવાબ આવી જતો.

બાબાની પાસે જ્યારે બાળકો આવતાં, તો બાબા એનું પૂરું ધ્યાન રાખતા. બાળકો આવે, આરામથી રહે, કોઈને તકલીફ ન પડે, સર્વને સગવડો મળતી રહે તેનું બાબા ધ્યાન રાખતા. બાબા બાળકોને દરેક રીતે ભરપૂર કરતા. રમત રમાડતા, મનોરંજન કરાવતા, હસાવતા, ઉત્સાહ ભરતા, પિકનીક કરાવતા અને શિક્ષક તરીકે પણ બાબા બિલકુલ એક્યુરેટ રહેતા. મુરલી ક્લાસમાં કોઈ થોડા પણ મોડા આવે, તો લૉફુલ (કાયદાનું પાલન કરાવનાર) બાબા કહેતા - શિક્ષક પહેલાં વિદ્યાર્થીએ ક્લાસમાં પહોંચી જવાનું છે. કોઈ મોડા આવે તો બાબા કહેતા - 'આને બાબાનો રિગાર્ડ (આદર) નથી. તે બાપને ઓળખતા નથી. જો કોઈ બાબાની સામે બેસીને બગાસાં ખાતા તો બાબા કહેતા - એણે જ્ઞાન સમજ્યું નથી. ભગવાનની સામે બેઠા છે. મુરલી સાંભળી રહ્યા છે. ઝોકાં ખાઈ રહ્યા છે. હજુ સુધી બાબાને ઓળખ્યા જ નથી. બાબા સદા નિદ્રાજીત, હર કર્મેન્દ્રિયજીત, પ્રકૃતિજીત અને માયાજીત હતા અને સદા બાળકોને આપ સમાન બનાવવાની શુભ આશાઓ રાખતા હતા.

બાબા સદા પરોપકારી હતા. કોઈ ગમે તેટલો અપકાર કરે પણ બાબા સદૈવ મીઠી દ્રષ્ટિથી અપકારી ઉપર પણ ઉપકાર કરતા. બાબાની નજરમાં કદી અપકારની યા બદલો લેવાની ભાવના ઉત્પન્ન થતી નહોતી. બાબા દુશ્મનને પણ મિત્ર સમજતા. નિંદા કરનારાઓને મિત્ર સમજીને ગળે લગાડ્યા. કદી કોઈ બાબાના પગમાં ઝૂકતું તો બાબાથી જાણે સહન ન થતું. બાબા કહેતા - તમે બાળકો તો મારા ગળાની માળા છો. હું બાળકોને ગળે લગાડું છું. તમે પગે શા માટે પડો છો?

બાબા આમ બાળકોના શરીરને જોવા છતાં જાણે જોતા નહોતા. બાબાની દ્રષ્ટિ સદાયે ભાઈ-ભાઈની, સર્વ પ્રત્યે સમાન હતી. બાબાની પાસે ગરીબ બાળકો આવતાં, તો બાબા એમની ખૂબ જ મહિમા કરતા, તેમનું ધ્યાન રાખતા. બાબા કહેતા

- વાહ ગરીબી, વાહ ! તમને જ ગરીબ નિવાજ બાબા શાહૂકાર બનાવવા આવ્યા છે. આ નર છે - આ નારી છે. તેવું બાબા જોવા છતાં પણ જોતા નહોતા. માતાઓ માટે બાબાના દિલમાં આદર હતો કે માતા તો ગુરુ છે. આ માતાઓ જ સ્વર્ગનું દ્વાર છે. વન્દેમાતરમ્! હે નારી, તું શક્તિનો અવતાર છે. ગમે તેવી અબળા નારીને બાબા સબળા સમજતા હતા. આ અબળા નથી પણ સબળા છે. એણે દિલથી બાબા તો કહ્યું ને? મારા બાબા કહ્યું તો તેના જેવું મહાન બીજું કોઈ નથી. પછી બાબા કહેતા - હે નર, તમે મહાવીર વિજયી પાંડવ છો. આ બાબાનું બાળકો પ્રત્યે વરદાન છે.

બાબા ખરેખર જાણે કમળનું ફૂલ ગુલાબનું ચૈતન્ય ફૂલ હતા. બાબાને જરા પણ લૌકિકનું ભાન નહોતું. લૌકિક પત્ની બાબાને બાબા કહે, અને બાબા પત્નીને કહે બેટી, આમ બાબાએ સર્વ સંબંધોનો પ્રેક્ટિકલમાં અનુભવ કરાવડાવ્યો. સર્વ સંબંધોનો પ્રેમ આપ્યો.

બાબા સત્યતાના અવતાર હતા. નિરાકાર ભગવાનને કહીએ છીએ 'સત્યમ્ શિવમ્ સુન્દરમ્' પરંતુ મેં તો બ્રહ્માબાબાને સદા સત્યતાની ઓથોરિટી જોયા. બાબા હંમેશા કહેતા, 'બાળકો, જ્યાં સત્યતા છે, ત્યાં જીત છે. સચ તો બિઠો નચ.' બાબા બાળકોને શિખામણ આપતા, બાળકો, બાપથી કશું છુપાવશો નહીં. સદા સાચા રહો. કદી બાબાના મુખથી યુક્તિયુક્ત, જૂઠા શબ્દો સાંભળ્યા નથી. બાબાને સદા નિર્ભય, નિર્વેર, નિરહંકારી, નિર્વિકારી, નિરાકારી જોયા.

બાબાને પ્રેક્ટિકલમાં ટ્રસ્ટી જોયા. બાબાએ કદી એવું માન્યું નથી કે આ ચીજ મારી છે. દા.ત. કોઈ બાળક બાબાને કહે કે બાબા, આ ચીજ ઘણી સારી છે. તો બાબા તરત જ તે ચીજ આપીને કહેતા બેટી, આ લઈ જાઓ. અમે બાબા માટે કોઈ ચીજ મોકલતા, ત્યારે કહેતા કે બાબા આનો ઉપયોગ તમે જ કરજો. પણ બાબા તે ચીજ કોઈને કોઈ બાળકને આપી દેતા. બાબા કહેતા પહેલાં મારાં બાળકો, પછી હું. બાબા આટલા રોયલ, ઉદારચિત્ત હતા. બાબા કહેતા - બાળકો, સદા ડગલે ડગલે બાબાની શ્રીમત્ ઉપર ચાલો અને હાજીનો પાઠ પાકો કરો, તો તમારા દરેક પગલામાં પદ્મ છે. અમે તો બાબાને પ્રેક્ટિકલમાં મર્યાદા પુરુષોત્તમ જોયા. બાબાને સમાજનું પણ એટલું જ ધ્યાન રહેતું. બાબા બાળકોને સદૈવ કહેતા - બચ્ચે, તમારો વ્યવહાર એવો કદી ના હોવો જોઈએ. જેથી બાપનું નામ બદનામ થાય. તમે સમાજમાં રહીને એને પૂરી રીતે નિભાવો. જો કોઈ તમને ગાળો આપે તો તમે એના પર ફૂલ ચઢાવો. આટલું એકબીજાને સન્માન આપો. નાના બાળકોને પણ બાબા એટલું જ સન્માન આપતા હતા. બાબા કહેતા આ નાનાં બાળકો તો સુભાન અલ્લાહ છે. બાળકો તો મહાત્મા હોય છે.

આ રીતે દરેક ડગલામાં દરેક પ્રકારથી બાબાએ અમ બાળકોની વરદાનોથી પાલના કરી. તો અમારો તો એ અનુભવ કહે છે કે અમે તો સાકારમાં ભગવાનને મેળવ્યા. નિરાકાર તો શિવબાબા છે, બ્રહ્માબાબા સાકાર છે. પરંતુ સાકારમાં અમે સર્વ કાંઈ મેળવ્યું તો આવા મીઠા બાબાને પૂરા ફોલો કરીને આપણે પણ એમના સમાન બનવાનું છે. લૌકિકમાં રહેવા છતાં, સર્વ કાંઈ નિભાવતાં આવા દિવ્ય ફરિસ્તા બનવાનું છે. બાબા સમાન પોતાના તન, મન, ધન, સર્વ સફળ કરીને ભવિષ્ય 21 જન્મો માટે શ્રેષ્ઠ ભાગ્ય બનાવવાનું છે. બાબા સમાન સદા અથક બનીને દધીચિ ઋષિની જેમ યજ્ઞની પ્રેમથી સખત સેવા કરવાની છે. સદા હર્ષિત - પ્રસન્નચિત્ત રહેવાનું છે.

**॥ ઓમશાંતિ ॥**

## દિવ્યગુણોથી યુક્ત હોવા છતાં પણ
# લોકો બ્રહ્માબાબાને કેમ ઓળખી શક્યા નહીં?

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



૧૮, જાન્યુઆરીએ અવ્યક્ત થનાર બ્રહ્માબાબા અદ્‌ભુત વ્યક્તિત્વ ધરાવતા હતા. આ અદ્‌ભુત વ્યક્તિત્વ એવું હતું કે જેનો જોટો દુનિયામાં જડે તેમ નથી. એમના સ્મૃતિ દિવસના સંદર્ભમાં હું કેટલાંક ઉદાહરણો આપીશ.

### કથની અને કરણીમાં તથા સિદ્ધાંત અને વ્યવહારમાં એકતા

મોટે ભાગે એ જોવા મળે છે કે દરેક વ્યક્તિની કથની અને કરણીમાં કંઈક તો જુદાપણું જોવા મળે છે. મનુષ્યના જેવા વિચારો હોય છે તેને તે પૂર્ણ રીતે વ્યવહારિક જીવનમાં લાવી શકતો નથી. એ માટે તે કોઈને કોઈ પરિસ્થિતિઓને દોષ આપે છે. અથવા તો કોઈ વ્યક્તિઓને દોષિત ગણશે કે તેઓએ અમુક સદ્‌ગુણ ધારણ કરવામાં અડચણો ઊભી કરી. વાસ્તવમાં તો દોષ એના પોતાના અલબેલાપણાનો, ઉતાવળનો યા નિર્બળ સંકલ્પનો જ હોય છે. પરંતુ તે પોતાને મન, વાણી, કર્મથી એક સમાન સિદ્ધ કરવામાં બહાનાઓ શોધે છે. તો આપણે જોઈશું કે એમણે દરેક માન્યતાને સાકારરૂપ આપવામાં કોઈ ખામી નબળાઈની વાત કરી નહીં, પણ વિઘ્ન વિનાશક બનીને તેઓ સદા આંતર બાહ્ય સરળતા, સદ્‌ભાવના અને સદ્‌વ્યવહારના મૂર્તિમંત સ્વરૂપ બની રહ્યા. તેઓ દિવ્યગુણ ધારણ કરવાનો માત્ર ઉપદેશ જ આપતા નહોતા. પણ આ ઉદ્દેશ્યને નજર સામે રાખીને આપણી સમક્ષ તેઓ દિવ્યગુણોની પ્રેરણામૂર્તિ પણ બન્યા. એમણે કહ્યું કે ક્રોધ ના કરો, મોહને ત્યાગો, નમ્રચિત્ત બનો, લોભવૃત્તિથી મુક્તિ મેળવીને સંતુષ્ટમણિ તથા ત્યાગમૂર્ત બનો, તો એમણે સ્વયં પણ એવો દિવ્યગુણ યુક્ત વ્યવહાર કરી બતાવ્યો. કોઈ સારા લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે પણ એમણે લોભ ના કર્યો. પોતાના નિકટતમ સંબંધીઓની સાથે રહેવા છતાં પણ તેઓ નિર્મોહી બની રહ્યા અને એમની સાથે પણ બીજાઓ સાથે કરતા હોય તેવો 'ન્યારા અને પ્યારા' સૂત્ર અનુસાર વ્યવહાર કર્યો.

બીજી વિશેષ વાત એ છે કે બ્રહ્માબાબાએ કહ્યું કે 'માગવા કરતા મરવું સારું' એમના પોતાના સાકાર જીવનકાળ દરમિયાન કેટલીયે વાર કપરી આર્થિક મુસીબતો આવી પણ એમણે કદી કોઈની પાસે મદદ મેળવવા હાથ લંબાવ્યો નહીં. એમણે સ્વયંને ઝીરો સમજી અને પોતાને બેગર - ભિખારી પણ ગણ્યા આમ છતાં કદી કોઈની સામે ફરિયાદ ના કરી. કોઈની પાસે કંઈ માગ્યું નહીં.

### દિવ્યગુણોના ભંડાર

બ્રહ્માબાબાના જીવનમાંથી સર્વના કલ્યાણની ભાવના સ્પષ્ટ રીતે વ્યક્ત થતી હતી. એમની પવિત્રતા અતૂટ હતી, સાધના અખંડ હતી. શુભભાવના, શુભકામના નિત્ય-નિરંતર હતી. આત્મા નિશ્ચયની સ્થિતિ અચલ અને અડોલાયમાન હતી. મિત્રતા અભંગ હતી. પ્રેરણા સતત અને સદાકાલીન હતી. એમના શબ્દો માત્ર ઓજસ્વી જ નહીં અટલ હતા. કારણ કે તેઓ

સત્ય પર અડગ રીતે વળગી રહેતા હતા. તેઓ એટલા નિર્ભય હતા કે સમગ્ર સંસારનો સામનો કરવા માટે સદા તૈયાર હતા. એક શિવબાબા અને પવિત્રતા પર સ્થિર રહેવાની એમનામાં વિશેષ યોગ્યતા હતી. એમનાં શીતળ અંગ જેમને સ્પર્શતાં તે આત્મા ભલે ગમે તેટલો પતિત કેમ ન હોય, કામ, ક્રોધના અગ્નિથી થોડા સમય માટે તો તે શીતળ થઈ જતો હતો.

બ્રહ્માબાબાની યોગ સાધના એટલી ઉચ્ચ કોટિની હતી કે તેઓ યોગીજનોમાં મુકુટમણિ હતા. એમની સમીપતાથી જ સાધકને વિદેહ અવસ્થાની અનુભૂતિ થતી હતી. એમના યોગમાં જ્ઞાનની પરાકાષ્ઠા, દૈવી ગુણોની વિશાળતા, મનની ઉદારતા, પવિત્રતાની અખંડતા, પ્રભુપ્રેમની પ્રબળતા, ત્યાગની વૃત્તિનું સ્થાયી વિદ્યમાનપણું, કર્મ અને વ્યવહારની શ્રેષ્ઠતા, ભાવોની ઉચ્ચતા, સંસાર પ્રત્યેની ઉપરામતા તથા સંકલ્પની દૃઢતા અને એકાગ્રતાનો ભવ્યતમ સમાવેશ થતો હતો. તેઓ શિવબાબાની મહિમાનું વર્ણન કરતાં ભાવ વિભોર થઈ જતા હતા. તેઓ લોક કલ્યાણ નિમિત્ત કર્મો માટે અથક રીતે વ્યસ્ત રહેતા હતા. તેઓ સર્વને નિ:સ્વાર્થ સ્નેહ આપતા હતા. સદા સર્વ માટે શુભભાવના અને શુભકામના રાખતા હતા. સર્વ પ્રત્યે વ્યક્તિગત ધ્યાન આપતા હતા અને એમનું પથ પ્રદર્શન કરતા હતા.

## લોકો એમને કેમ ઓળખી શક્યા નહીં ?

સંસારમાં અધિકતર લોકોએ પોતાના સમયની મહાન વ્યક્તિઓને ઓળખી નથી. એમણે એમના સંદેશને સાંભળ્યો નહીં અથવા એની તરફ ધ્યાન આપ્યું નહીં. એમણે ઈશુ ખ્રિસ્તને શૂળીએ ચડાવ્યા, બુદ્ધનો વિરોધ કર્યો, મહમ્મદ પેગંબરની વિરુદ્ધ લડાઈ કરી. અષો જરથુષ્ટ ઉપર પણ અત્યાચાર કર્યા આ રીતે અનેક સંતોને કષ્ટ આપ્યું છે. એનું એક કારણ સદા એ રહ્યું કે એ સમયે જે પ્રચલિત મત મતાંતરો હતા તથા જે શાસ્ત્ર અને ગ્રંથ હતા અને પ્રચારક તથા પૂજારી હતા. એમણે લોકોને ભડકાવ્યા કે આ વ્યક્તિ નવી વાતો જણાવે છે. એ વાતોનો પુસ્તકો સાથે કોઈ મેળ ખાતો નથી. એ રીતે બ્રહ્માબાબાએ જ્યારે શિવબાબાના આ મહાસંદેશનું નગારું વગાડ્યું કે ''આ ધર્મગ્લાનિનો સમય છે, હવે પાંચ વિકારોએ સૃષ્ટિને નરક બનાવી દીધી છે, હવે તેને છોડો.'' તો પંડાઓ, પુરોહિતો, પૂજારીઓ અને પંડિતોની વકીલાત કરતાં લોકોને ઉશ્કેરવાનું શરૂ કર્યું. સ્વયં શાસ્ત્રોની લખેલી વાતો મુજબ તો તેઓ આચરણ કરી શક્યા નહીં અને ઈર્ષ્યા તથા દ્વેષને વશીભૂત થઈને એમણે પોતાના પિતામહ બ્રહ્માનો પણ વિરોધ કર્યો. સાધારણ તનમાં અવતરિત થયેલા શિવબાબાને ન ઓળખી શકવાને કારણે તથા પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્માને ન જાણવાને કારણે એમણે વિરોધો, તોફાનો શરૂ કર્યા.

તેઓ માની બેઠેલા કે બ્રહ્મા ચાર મુખવાળા યા ઓછામાં ઓછા ત્રણ મુખવાળા જ હોય છે. તેથી હવે જ્યારે એમણે જોયું કે આ તો એક મુખવાળા છે, ત્યારે તેઓ વિચારમાં પડી ગયા કે આ બ્રહ્મા કઈ રીતે હોઈ શકે ? એમણે વિચાર્યું કે ધર્મગ્લાનિના સમયે તો કૃષ્ણે આવવું જોઈએ કારણ કેગીતાજ્ઞાન આપતાં કૃષ્ણે કહ્યું હતું કે 'હું ધર્મગ્લાનિના સમયે ફરીથી આવીશ.' પરંતુ આ તો મોરમુકુટધારી, મુરલી મનોહર, કૃષ્ણ તો છે નહીં. ત્યારે એમને એમ લાગ્યું કે કૃષ્ણને બદલે શિવ કઈ રીતે આવી ગયા ? વાસ્તવમાં એમને એ ખબર નહોતી કે ગીતાજ્ઞાન શિવે જ આપ્યું હતું. એમને 'મુરલી' યા 'કૃષ્ણ' ઈત્યાદિની સાચી સમજ નહોતી. તેથી શબ્દાર્થના ચક્કરમાં પડવાથી એમનું દિમાગ ચક્કર ખાઈ ગયું. બ્રહ્માબાબાએ જ્યારે કહ્યું કે પવિત્ર બનો અને યોગી બનો, ત્યારે

એમણે વિચાર્યું કે સંપૂર્ણ પવિત્ર તો હજુ સુધી કોઈ ઋષિ મુનિ બન્યા જ નથી અને યોગ તો આસન-પ્રાણાયામ વિના થઈ જ ના શકે. તેથી એમણે વિચાર્યું કે આ ખોટી વાતો જણાવનારા બાબા છે. આ પ્રકારે જૂઠને સત્ય માનનારા લોકોએ સત્યને જૂઠ માની લીધું.

આમ છતાં બ્રહ્માબાબાએ કહ્યું કે આ સર્વ મારાં વિખૂટા પડેલાં બાળકો છે. માયાએ એમને મારાથી અલગ કરી દીધાં છે. તેઓ મને ઓળખતા નથી તો કંઈ વાંધો નહીં હું એમને ઓળખાણ આપીશ અને એમને પવિત્ર બનાવવાની હું સેવા કરીશ. એમણે એ પણ નક્કી કર્યું કે હું એમને યોગી બનાવીને જ જંપીશ. એમણે કહ્યું ''વત્સો, હું આપને સંપૂર્ણ પવિત્રતા-સુખ-શાંતિનો વારસો આપવા આવ્યો છું. તમારા પ્રત્યે મને અત્યંત પ્રેમ છે. તમને માયાની દલદલ (કીચડ)માંથી બહાર કાઢીને ગુલગુલ (ફૂલસમાન) બનાવીશ. તમને મારી ગોદમાં બેસાડીને, પાંપણો પર સવારી કરાવીને યા તમારી આંગળી પકડીને હવે હું તમને શાંતિધામ અને સુખધામ લઈ જઈશ. વત્સો, હવે તમે પવિત્ર અને યોગી બનો અને આ સર્વ (દિવ્ય) ખજાનાઓ મારી પાસેથી મેળવો.

## બાબાની મધુર અમૂલ્ય શિખામણો

મીઠાં બાળકો,

સૌથી સારો ગુણ છે શાંત રહેવું, વધારે અવાજમાં ન આવવું, મીઠું બોલવું. કારણ કે તમારે - બાળકો એ અત્યારે ટોકીમાંથી મૂવી અને મૂવીમાંથી સાયલેન્સમાં જવાનું છે. એટલે અવાજ ઓછો કરો અને ઘણા જ પ્રેમ અને નમ્રતાથી વાત કરવાની છે.

આત્મારૂપી દીપકમાં જ્ઞાન અને યોગનું ઘી દરરોજ આપતા રહેવાનું છે. જ્યાં સુધી જીવવાનું છે ત્યાં સુધી શીખવાનું છે. આત્મિક અભ્યાસમાં કદી થાકવાનું નથી.

તમારે કદી પણ આડી અવળી વાતો સાંભળવી પણ નહીં અને કોઈને સંભળાવવી પણ નહીં. જ્ઞાનની જ વાતો સાંભળો અને સંભળાવો.

બાપ સમાન સાક્ષી બનીને યોગબળથી પોતાના વિકર્મોનો બોજો ચુક્તે કરતા જાઓ તો વિકર્માજીત બની જશો.

તમારા જવાબદાર સ્વયં ભગવાન બાપ છે. તમે નિમિત્ત બનીને દરેક કર્મ કરતા રહો તો સદા હળવા અને બેફિકર બાદશાહ બની રહેશો.

કદી કોઈની ઘૃણા કરવી નહીં. કોઈનો તિરસ્કાર કરવો નહીં. સર્વ સાથે આત્મિક રીતે વ્યવહાર કરવાનો છે.

ગફલત કરો નહીં. સમયને ઓળખો. પોતાના અલબેલાપણાને છોડો. ઊંચું ભાગ્ય બનાવો.

રોજ લક્ષ્ય રૂપી સાબુથી આત્મારૂપી વસ્ત્રને સાફ કરો. જેવું લક્ષ્ય સામે હશે, તેવાં લક્ષણ આવશે.

જે કર્મ કરવાથી દિલ ડંખતું હોય, તે કર્મ કદી કરવાં નહીં. તમારી કથની અને કરણી સમાન હોય. મિયા મિઠ્ઠું બનવાનું નથી.

જેવું અન્ન, તેવું મન એટલે ભોજનની પણ પરેજી પાળવાની છે. તમારી ચલન, ખાનપાન સર્વ રોયલ હોવું જોઈએ. અશુદ્ધ ભોજનનો ત્યાગ કરીને સાચા વૈષ્ણવ બનવાનું છે.

તમારે અપકારીઓ ઉપર પણ ઉપકાર કરવાનો છે. દુશ્મનને પણ પોતાનો મિત્ર સમજવાનો છે. 'નિન્દા હમારી જો કરે, મિત્ર હમારા સોઈ.'

તમે હોલી હંસ છો. તમારે સર્વના ગુણ રૂપી મોતી ચણવાના છે. અવગુણ રૂપી કાંકરા નહીં.

**(અનુસંધાન પેજ નં. 06 પર)**

## દિવ્યદર્શન

# બાબાએ માનવતાનો દીપક પ્રગટાવ્યો

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

મૂલ્યો વગર મનુષ્યનું જીવન પશુ સમાન છે. આ ફક્ત કલ્પના નથી પરંતુ તે તમામ મહાપુરુષો, મહાત્માઓ તથા દિવ્ય પુરુષોના વચન છે. જેઓએ પોતાના તપ, ત્યાગ, તપસ્યા અને જીવન માનવતાની સેવામાં અર્પણ કરી દીધું. પોતાનાં માટે તો સૌ કોઈ જીવે. પરંતુ મહાપુરુષની પદવી તો તેને મળે છે જે માનવતાની સેવામાં પોતાના જીવનને સમર્પિત કરી દે. જ્યારે આ સંસારમાં આસુરી તત્વોની વૃદ્ધિ થઈ રહી હતી. અંદરો અંદર એક બીજા સાથેના સંબંધોની બલિ ચઢી રહી હતી. તે સમયે એક મહાન વિભૂતિનો આ પાપાચારી દુનિયામાં જન્મ થયો. તે મહાન આત્માને પરમપિતા શિવ પરમાત્માએ નિમિત્ત બનાવી શાંતિ અને સુખમય દુનિયાની પુનઃ સ્થાપનાની જવાબદારી સોંપી આધ્યાત્મિક ક્રાંતિની શરૂઆત કરી.

આપણે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સાકાર સંસ્થાપક પ્રજાપિતા બ્રહ્માબાબાની વાત કરી રહ્યા છીએ. જેઓએ એક સાધારણ પરંતુ ઉચ્ચ કુળમાં સામાન્ય દેહ લઈ જન્મ લીધો. લાખો લોકોના જીવનમાં તપ, ધ્યાન અને સાધનાનું મહત્ત્વ વધારી દેવતાઈ માર્ગના મુસાફર બનવાની પ્રેરણા આપી. પ્રજાપિતા બ્રહ્માબાબાનો જન્મ ઈ.સ. 1876માં સિંધ પ્રાન્ત (જે ભાગ અત્યારે પાકિસ્તાન દેશમાં છે) ના એક સાધારણ પરિવારમાં થયો. બાળપણમાં જ તેમની માતાનું દેહાંત થઈ ગયેલ. તેમનું મૂળ નામ લેખરાજ હતું. નાનપણથી જ તેઓ ખૂબ તેજસ્વી અને દયાળુ પ્રકૃતિના હતા. કોઈપણ મનુષ્યનું સંકટ તેમનાથી સહન થતું ન હતું. દરેક પરિસ્થિતિમાં તે દરેક વ્યક્તિને મદદ કરવાની ભરપૂર ભાવના રહેતી હતી. જ્યારે તેઓ ઈશ્વરની આરાધના કરવા બેસતા ત્યારે સૌ પહેલા સમગ્ર વિશ્વની મનુષ્યઓના દુઃખ-દર્દ મટાડવાની પ્રાર્થના કરતા. દાદા લેખરાજ એટલા સૌમ્ય અને અસાધારણ હતા કે લોકો પ્રેમથી તેમને દાદા કહેતા હતા. દાદાએ યુવા અવસ્થામાં હીરા-ઝવેરાતનો ધંધો શરૂ કર્યો. તેમના વ્યાપારની પ્રસિદ્ધિ જોતજોતામાં ભારત સહિત આસપાસના ઘણા દેશોમાં ફેલાઈ હતી. તેમનું વ્યક્તિત્વ એટલું બધું પ્રભાવશાળી હતું કે, જે કોઈપણ તેમને એકવાર મળતાં તો તેમને એવો અનુભવ થતો કે મારા પોતાના દાદા છે. દાદા તેમના થઈ જતા. દાદા લેખરાજ હંમેશા માનવતાની સેવાની વાતો જ કરતા. ઘણીવાર દાદાને મનુષ્યાત્માઓની પીડા પરેશાન કરતી તથા તેઓ સતત એમ વિચારતા કે આ સંસારનો ઉદ્ધાર કેવી રીતે થશે? જ્યાં સર્વ લોકો સુખી અને સંપન્ન હોય.

60 વર્ષની ઉંમરે લેખરાજ દાદાના જીવનમાં એક મહાન પરિવર્તન આવ્યું. એક દિવસ તેઓ વારાણસીમાં પોતાના મિત્રના ઘરે હતા ત્યારે રાત્રે તેમને જૂની દુનિયાના ભયંકર મહાવિનાશની લીલા અને નવી દૈવી સ્થાપનાની સાથે વિષ્ણુ ચતુર્ભુજનો સાક્ષાત્કાર થયો. થોડા સમય પછી એક અલૌકિક અવાજ આવ્યો કે આ દુનિયાનો મહાવિનાશ થવાનો છે. તમારે નવી દુનિયાની સ્થાપનાનું મહાન કાર્ય કરવાનું છે. આ વાતની લેખરાજ દાદાને સમજણ ન પડી. દાદાને એમ વિચાર આવ્યો કે આવા સાક્ષાત્કાર કદાચ મારા

ગુરુએ કરાવ્યા હશે. જ્યારે ગુરુને આ બાબતે પૂછ્યું ત્યારે તેમના કરેલા ગુરુ પાસે આ વાતનો કોઈ જવાબ ન હતો. લેખરાજ દાદાને સમજાઈ ગયું કે આ કોઈ અલૌકિક શક્તિની જ કમાલ છે. આ પ્રશ્નોનું નિરાકરણ તેમને પોતાના ઘરે આવ્યા બાદ મળી ગયું. સ્વયં ઈશ્વરીય શક્તિએ પોતાનો પરિચય પરમાત્મા શિવના રૂપમાં આપ્યો અને કહ્યું કે તારે આ દુનિયાના પરિવર્તનનું મહાન કાર્ય કરવાનું છે. તે દિવસથી દાદાને હીરા-ઝવેરાતનો ધંધો કોડી સમાન લાગવા લાગ્યો. તેઓ મનુષ્યની અંદર છૂપાયેલા સાચા હીરા પારખુ બનવાનું વિચારવા લાગ્યા. પરમાત્માનું માર્ગદર્શન તેમને સતત મળતું રહ્યું. સ્વયં પરમાત્માએ તેમનું દિવ્ય અલૌકિક નામ આપ્યું પ્રજાપિતા બ્રહ્મા અને નવીન સ્વર્ણિમ દુનિયાની સ્થાપનાનું કાર્ય સોંપ્યું.

સંસ્થાની શરૂઆત ઈ.સ. 1937માં સિંધ હૈદરાબાદ ખાતે થઈ. શરૂઆતમાં 'ઓમ મંડળી'ના નામથી સંગઠન ઓળખાતું. આ પવિત્ર કાર્યમાં બ્રહ્માબાબાને ઘણી આસુરી તત્ત્વના વિરોધ સહન કરવો પડ્યો. પરંતુ ઈશ્વરીય શક્તિના સહારે અને બળે આ દિવ્ય અલૌકિક કાર્ય આગળ વધતું ગયું. પરંતુ પ્રજાપિતા બ્રહ્માબાબાએ વિચલિત થયા વગર આસુરી શક્તિઓનો જવાબ દૈવી ગુણોથી આપ્યો. છેલ્લે વિજય સત્ય અને દૈવી ગુણોનો થયો. ભારત-પાકિસ્તાનના ભાગલા પછી ઈ.સ. 1950માં આ સંસ્થા ભારતના પર્યટન સ્થળ રાજસ્થાન માઉન્ટ આબુમાં આવી. ત્યાંથી માનવતાના દીપકથી અનેક દીપ પ્રગટાવવાના શુભકાર્યની શરૂઆત થઈ. પ્રજાપિતા બ્રહ્માબાબાએ સર્વ મનુષ્ય-આત્માઓમાં રહેલ વિકારોથી મુક્તિ કેવી રીતે મળે તેનો રસ્તો બતાવ્યો. તમામ ધર્મ, મઠ, સંપ્રદાયના લોકોનું સન્માન કરતા પ્રજાપિતા બ્રહ્માએ મનુષ્યાત્માઓને શિવનો સંદેશ આપી આ ક્રાંતિમાં ભાગીદાર થવાનો મોકો આપ્યો. બાબાએ માતાઓ, બહેનોને તે સમયે સન્માન આપ્યું, કે જ્યારે સમાજમાં મહિલાઓના અધિકારોની ચર્ચા સુદ્ધા ન હતી થતી. પુરુષપ્રધાન સમાજમાં બાબાએ સંસ્થાની જવાબદારી બહેનોને સોંપી પોતે નિમિત્ત-ભાવથી ટ્રસ્ટી બની તે કાર્યને આગળ ધપાવતા ગયા.


શાંતિની શક્તિ દ્વારા આત્મામાં સુષુપ્ત શક્તિ અને દૈવી ગુણોને જાગૃત કરવા માટે પ્રેરણા આપી. પ્રજાપિતા બ્રહ્માબાબા પરમાત્માની યાદ, ત્યાગ-તપસ્યાથી દૈવી ગુણધારી બની 18 જાન્યુઆરી 1969ના રોજ વિનાશી દેહને છોડી બેહદ સેવા અર્થે ફરિશ્તા બની સૂક્ષ્મવતનવાસી બની ગયા. ભલે આજે બ્રહ્માબાબા સાકારમાં આપણી વચ્ચે નથી પણ તેઓની સૂક્ષ્મ અને શક્તિશાળી દ્રષ્ટિથી લાખો લોકોના જીવનમાં આધ્યાત્મિક પ્રકાશ સતત ફેલાઈ રહ્યો છે.

આઠ દશકા પહેલાં બાબાએ જે માનવતાનો દીપ પ્રગટાવ્યો જે આજે મશાલનું રૂપ ધારણ કરી ચૂક્યો છે. એક નાની અમથી શરૂઆત આજે મહાક્રાન્તિનું રૂપ લઈ લીધું છે. પવિત્રતા, વસુધૈવ કુટુંબકમ્, એકતા સ્થાપન કરવા તથા આસુરી વૃત્તિને મૂળથી નાશ કરવાનો સંકલ્પ લઈને આજે આ સંસ્થા એક વટવૃક્ષનું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. આજે સમગ્ર વિશ્વના 160 દેશોમાં 9 લાખથી વધુ લોકો બાબાના પગલા પર ચાલતા સ્વયંને દિવ્ય બનાવી શ્રેષ્ઠ સમાજની સ્થાપનાના કાર્યમાં તન-મન-ધનથી સતત કાર્યરત છે. 18 જાન્યુઆરીને 'વિશ્વશાંતિ દિવસ'ના રૂપે મનાવી માનવીય મૂલ્યોની સ્થાપના તથા વિશ્વ શાંતિ માટે વિશેષ મૌન તથા મેડીટેશન કરીએ.

**॥ ઓમશાંતિ ॥**

# કેવું લાગશે આપણા પ્યારા બાબાને ?

બ્ર.કુ. પ્રો. પ્રફુલચંદ્ર શાહ, નડિયાદ



અમૃતવેળાનો સમય હોય, 'ઊઠો મીઠે બચ્ચે' કહી બાબા આપણું આહવાન કરતા હોય, આપણા ભાગ્યના સિતારાને ચમકાવવા આવ્યા હોય અને આપણે નિદ્રાદેવીની ગોદમાં સૂતા રહીએ તો કેવું લાગશે બાબાને?

જ્યારે સ્વયં વરદાની ભગવાન વરદાનોથી ભરપૂર કરવા દ્વાર પર ઉભા હોય, 'મીઠે બચ્ચે' કહી બોલાવી રહ્યા હોય અને આપણે સુની-અનસુની કરીને પડખું બદલી સૂઈ જઈએ તો જરા વિચારો, કેવું લાગશે બાબાને?

ચાલો આપણે અમૃત વેળાએ યોગમાં બેસી તો ગયા, બાબા પણ આપણને ગુણો અને શક્તિઓથી ભરપૂર કરવા ઉત્સુક છે, આપણી સાથે પ્રેમથી વાતો કરવા માંગે છે અને આપણે મન-બુદ્ધિને એકાગ્ર કરી ન શકીએ, આપણી બુદ્ધિ, વસ્તુ, વ્યક્તિ, પદાર્થ, પરિસ્થિતિમાં ભટકતી રહે, તો પ્યારા બાબાને કેવું લાગશે, એનો ખ્યાલ આવે છે મનમાં?

ક્લાસમાં જવાનો સમય થયો હોય, બાબા પણ જ્ઞાન રત્નોથી બાળકોને શ્રૃંગારવા આતુરતાથી રાહ જોતાં હોય અને આપણને સંકલ્પ આવે કે આજે ક્લાસમાં નથી જવું. કાલે જઈશું કે પછી જઈશું કોક દિવસ તો બોલો આપણે બાબાની જગ્યાએ હોઈએ તો આપણને કેવું લાગે?

નેમીનાથ થઈ ક્લાસમાં બેસી તો ગયા. મીઠા બાબાની પ્યારભરી વાણી ચાલી રહી છે. મૂલ્યવાન રત્નોનો પ્રવાહ વહી રહ્યો છે અને આપણું ધ્યાન કોઈ અન્ય બાબાતો પર હોય અથવા અર્ધનિંદ્રામાં ઝોકાં ખાતા હોઈએ, તો પરમશિક્ષકને શું સારું લાગશે!

બાબાની પ્રથમ શ્રીમત છે કે, દેહભાનનો ત્યાગ કરી, કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર અને તેના અંશવંશથી દૂર રહો, મને યાદ કરો અને પવિત્રતા, સુખ, શાંતિ, આનંદ, પ્રેમ, શક્તિ જેવાં આત્માના સ્વધર્મમાં સ્થિત રહો પણ આપણી જાતને ભગવાનના બાળકો કહેવડાવનાર આપણે કુદ્રષ્ટિ ચાલુ રાખીએ, નાની-નાની બાબતોમાં આવેશમાં આવી ક્રોધ કરી બેસીએ, સંસારની મોહમાયામાં ફસાયેલા રહીએ, ભિન્ન-ભિન્ન પ્રકારનાં અહંકારોમાં રાચતા રહીએ, ઈર્ષ્યા, દ્વેષ પણ રાખતા હોઈએ તો બોલો આ ગમશે આપણા પ્યારા બાબાને?

બાબા કહ્યા કરે છે બાળકો ભવિષ્યના રાજ્ય-ભાગ્યની પ્રાપ્તિનો આધાર છે, નિષ્કામ સેવા, દસ નખોનું જોર લગાવી સેવામાં લાગી જાય. બાબા પણ છુટ્ટી આપતા હોય છે કે તમારી વિશેષતા કે રસ અનુસાર સેવા કરો અને છતાં પણ આપણે એમ કહેતા ફરીએ છીએ કે સમય જ ક્યાં છે? અનેક પ્રકારની બહાનાબાજી કરતા રહીએ તો કેવું લાગશે બાબાને?

ભોજનનો સમય થયો છે, આપણી થાળી આપણી સામે છે, બાબા કહે છે બાળકો તમે થાળી લઈ વતનમાં આવી જાવ, સાથે બેસીને જમીશું. હું જાણું છું કે, તમને મને ખવડાવવાની ઈચ્છા છે અને હું પણ મારા હાથે તમને ખવડાવવા ઈચ્છુક છું અને

આ સમયે આપણને બાબાની યાદ ન આવે અને ભોજન પર તૂટી પડીએ અને આસ્વાદમાં મગ્ન થઈ જઈએ, તો બોલો કેવું લાગશે આપણા બાબાને?

બાબા કહે છે,'બચ્ચે કમ બોલો, ધીરે બોલો, મીઠા બોલો', સત્ય બોલો અને બીજી બાજુ આપણે વાતોના વડા કરવામાંથી ઉંચા ન આવતા હોઈએ, ઉંચા અવાજે વાતો કરતા હોઈએ, મનમાં આવે તો, સામેની વ્યક્તિનો વિચાર કર્યા વગર, એલફેલ બોલી નાખીએ, જરૂર પડે જુઠ્ઠુ બોલવામાં પણ શરમ ન અનુભવીએ, તો બોલો આપણાથી શું બાબા ખુશ રહીશે?

બાબાની આપણા પ્રતિ એ પણ શ્રીમત છે કે રાત્રે સૂતા પહેલા તમારા દિવસભરનો ચાર્ટ મને સંભળાવી હળવા થઈ જાવ અને મારી ગોદમાં આવીને મારી યાદમાં સૂઈ જાવ પરંતુ ઘણી વખત ઉલટુ પણ થઈ જાય છે, થાક્યા-પાક્યા હોઈએ તો પથારીમાં પડતાની સાથે બાબાને યાદ કર્યા વગર ઊંઘી જઈએ અને ક્યારેક જો મન પર વ્યર્થ સંકલ્પો સવાર થઈ ગયા હોય તો ઊંઘ પણ હરામ થઈ જાય અને બાબાની યાદ પણ ગાયબ થઈ જાય. આપણી આવી હાલત જોઈ બાબાની શું હાલત થતી હશે તેનો ખ્યાલ શું આપણે કરીએ છીએ?

બાબા વારંવાર કહે છે કે સંગમયુગની એક-એક ક્ષણ તમારા માટે હીરા સમાન મૂલ્યવાન છે અને આવી એક-એક કીમતી સેકન્ડને આળસ અને અલબેલાપનમાં કોડીના મૂલ્યે વેડફતા આપને બાબા જોઈ જાય તો બાબાને કેવું લાગશે, તેનો વિચાર શું આપણને આવે છે?

આવો, આપણે સૌ બાબાની ઈચ્છા મુજબ એ જ બધું કરીએ જે બાબા ઈચ્છે છે તો બાબા આપણાથી ખુશ-ખુશ થઈ જશે.

॥ ઓમશાંતિ ॥

**(પેજ નં. 23નું અનુસંધાન)...**

સંચાલનની સમસ્યાઓ પણ વધતી જાય છે. આવી પરિસ્થિતિમાં મને કેવું લાગશે ?

**પરિસ્થિતિ - ૧૭ -** જો હું સ્વયં સમગ્ર મનુષ્ય સૃષ્ટિનો જનક પિતા હોઉં તો મને કેવી મહેસૂસતા થાય ? (મારી દૃષ્ટિ, વૃત્તિ કેવી હોય ?) જો કોઈ ભૂલ કરશે તો મારો પ્રતિભાવ કેવો હોય ?

**પરિસ્થિતિ - ૧૮ -** કોઈ લુંટારો કે દબંગ મને છરો હુલાવી દેવા આવે કારણ કે હું લોકોને પવિત્ર જીવન જીવવા કહું છું ત્યારે મને કેવું લાગશે ?

**પરિસ્થિતિ - ૧૯ -** જો શિવબાબા કહે - હે પૃથ્વી વાસી સર્વ આત્માઓ, અન્ય કોઈનું નહીં પણ કેવળ મારું જ અનુસરણ કરો - ત્યારે મને કેવી મહેસૂસતા થાય?

**પરિસ્થિતિ - ૨૦ -** જો પરમાત્મા મને વિશ્વ સેવકના પદે પદાસીન કરે ત્યારે મને કેવું લાગે ? (વિનમ્ર-ગર્વિષ્ઠ-અતિ હીન અથવા અતિ ઉચ્ચ?)

**પરિસ્થિતિ - ૨૧ -** જો મારી સન્મુખ આવનારા દરેક આત્માને મારે પળેપળ પરમાત્મ અનુભૂતિ કરાવવાનું કામ સોંપવામાં આવે ત્યારે મને શું લાગશે ? (શું હું અતિ સભાન થઈ જઈશ ? એમની ઈચ્છા-અપેક્ષા પ્રમાણેનું જીવન જીવવાનું દબાણ અનુભવીશ ? તનાવ થઈ જશે )


મને લાગે છે કે આપણે આપણા પુરુષાર્થમાં તીવ્રતા લાવવી હોય ત્યારે આવા પ્રકારના વિચાર-સાગર-મંથન કરવાની તાતી આવશ્યકતા છે.

બાબાને વિનંતી કે તેઓ આપણા જીવનમાં પણ બ્રહ્માબાબાની જેમ બીસ નાખૂન કા જોર લગાવવાની, હડ્ડી-હડ્ડી પુરુષાર્થ કરવાની બુદ્ધિ, શક્તિ અને તક આપે.

॥ ઓમશાંતિ ॥

# સ્મૃતિ દિવસનો પુરુષાર્થ - જો હું બ્રહ્માબાબા હોઉં તો !

બ્ર.કુ. વિનય પંડ્યા, વલ્લભ વિદ્યાનગર



આપણે સૌ જાણીએ છીએ કે ૧૮મી જાન્યુઆરી ૧૯૬૯ના રોજ બ્રહ્માબાબા અવ્યક્ત થયા હતા. જતાં-જતાં ત્રિસૂત્રી કાર્યક્રમ આપતા ગયા હતા - નિરાકારી - નિર્વિકારી - નિરહંકારી બનો. ત્યારથી જાન્યુઆરી માસને આપણે સ્મૃતિ માસ અથવા તપસ્યા માસ તરીકે ઓળખતા થયા છીએ.

જેમણે સાકાર બાબાને પોતાના ચર્મ-ચક્ષુઓથી નીહાળ્યા હોય તેમને એમની વિશેષ સ્મૃતિ થવી સ્વાભાવિક છે. પણ આપણે, બાબાના અવ્યક્ત થયા પછીના બ્રાહ્મણો (આબાલ વૃદ્ધ સૌ) એ, એમના વિશે લખાણો દ્વારા, વ્યક્તવ્યો દ્વારા, અનુભવોની લેવડ-દેવડ અને વ્યક્તિગત અનુભૂતિ દ્વારા એમના વિષે એટલી વાતો, વાર્તાલાપો, સાંભળ્યા છે કે તેઓ આપણા માટે કોઈ અજાણી વ્યક્તિ રહ્યા જ નથી.

યાદ કરીએ જ્ઞાનના પ્રારંભિક દિવસોને - બાબા જેના માટે કહે છે - બચપન કે દિન ભૂલા ન દેના - કેવા શબ્દચિત્ર, ભાવચિત્ર, અનુભૂતિચિત્ર રચાયા હતા આપણા માટે આપણા સાત-દિવસીય અભ્યાસક્રમ દરમિયાન ! આપણે જાણે એમને તાદૃષ્ય, આપણી સમક્ષ જોતા હોઈએ એવું લાગે. એમનાં શબ્દચિત્રો આકાર પામે, એમનો સ્પર્શ અંતરના ઊંડાણમાં અનુભવાય, મુરલી સ્વરૂપે આપણી પાસે પહોંચેલા એમના શબ્દો માત્ર કાનમાં નહીં પણ અંતરમાં પડઘાય અને જો એમનો અવાજ સાંભળવાનો મોકો મળ્યો હોય (ધ્વનિમુદ્રણ દ્વારા) તો એટલો પ્રતીતિકાર લાગે કે જાણે આપણે એમને રૂબરૂ સાંભળતા હોઈએ. આમ બાબા આપણા માટે જાણે કર્મેન્દ્રિયોના - આંખ, કાન, નાક, ત્વચા, જીભના - વિષય બની ગયા હોય. મનને એમનો રુહાની સ્પર્શ અનુભવાય, બુદ્ધિને એમની ઉપસ્થિતિનો આભાસ થાય, કાનમાં જાણે એમનો સાદ પડઘાય. આત્મા એમની ઉપસ્થિતિના અહેસાસમાં એવો તો રસતરબોળ થઈ જાય કે એમની સાથે વાર્તાલાપ પણ કરી લેવાય. સ્વપ્નમાં તેમના સાક્ષાત્કાર પામેલ અનેક આત્માઓ આજે આ બેહદના યજ્ઞમાં હાજર છે અને આવનારા સમયમાં અનેક આત્માઓ પણ એવા જ અનુભવનું વર્ણન કરતાં કલ્પી શકીએ એમ છીએ. પછી તો એમના વિષે આપણે વાત કરીએ ત્યારે પણ એમ જ લાગે જાણે સન્મુખ બેઠેલ કોઈ વ્યક્તિનું આપણે વર્ણન કરી રહ્યાં હોઈએ.

આપણામાંથી અનેક આત્માઓ એવા છે જેમને ઈશ્વરીય જ્ઞાનના અભ્યાસક્રમ ચલાવવાની અતિ મહત્વપૂર્ણ જવાબદારી મળી હોય. બાબાના સિકીલધા બાળકોને બાબા સુધી પહોંચાડવાનું આ એકમાત્ર સાધન છે અને એમાં પોતાના તનની, મનની, બુદ્ધિની, વાણી-વિશેષતાની, યોગયુક્ત અવસ્થાની આહુતિ આપવાનો મોકો મળ્યો હોય. એમનાં અનુભવોનું જો સંકલન કરવામાં આવે તો એમાંથી પણ એવું જ ફલિત થઈ શકે એમ છે કે જાણે એ કોર્સ એ વ્યક્તિ નહીં પણ બાબા જ ચલાવી રહ્યા હોય. મુખ એમનું અને વાણી જાણે બાબાની અને ક્યારેક તો તેઓ પોતાને પણ આશ્ચર્ય પમાડે એવાં મહાવાક્યો ઉચ્ચારી કાઢે.

આ પ્રભાવ કોઈ અચાનક બની ગયેલી તર્ક બહારની ઘટના તરીકે ન જોવો જોઈએ. એમની

જીવની સંભળાવતાં સંભળાવતાં આપણી તન્મયતાને કારણે આપણે એમના માટે સાધનરૂપ બની જઈએ છીએ અને પછી તો એવું થાય કે આપણે માત્ર નિમિત્ત છીએ અને કરનાર-કરાવનાર કોઈ અન્ય છે એવું લાગવા માંડે. આવું જેનું વ્યક્તિત્વ હોય તેની સ્મૃતિમાં જ્યારે આપણે સાધના-તપસ્યા કરવા સજ્જ થઈએ ત્યારે માનવું પડે કે ખરેખર એઓ સ્થૂળ દેહમાંથી સૂક્ષ્મ દેહધારી બનેલ એક એવી વિભૂતિ છે જેનું કાર્ય આજે પણ નિમિત્ત આત્માઓ દ્વારા ચાલી રહ્યું છે.

સ્મૃતિ દિવસ વિષે લખવાનો જ્યારે સંકલ્પ ચાલ્યો ત્યારે મારી અંતરતમની એક ઉત્કંઠા સળવળીને બેઠી થઈ અને મને યજ્ઞના પાયામાં રહેલી ટીચર્સ બહેનોને પૂછવાનું મન થયું. - જો બ્રહ્માબાબા વિષે તમારે કેવળ એક જ શબ્દનો ઉલ્લેખ કરવાનો આવે તો તમારા મનમાં સવપ્રથમ કયો શબ્દ (વિશેષણ) આવે ? અમારા ગ્રુપ સેવાકેન્દ્રની સર્વ બહેનોનો મને જે પ્રતિસાદ મળ્યો તેનો સંક્ષિપ્ત ચિતાર તમારી સમક્ષ રજૂ કરવાનું મન થાય છે.

**બ્રહ્મા બાબા મારા માટે....**

૧. નિમિત્તભાવથી ભરપૂર
૨. અચલ-અડોલ
૩. ગુણગ્રાહક
૪. અભૂલ-ભૂલને ન દોહરાવનારા
૫. પરોપકારી
૬. કર્મ પ્રતિ ધ્યાન આપનારા અને કુશળ
૭. સ્વયં મહાન, અન્યને મહાન બનાવનાર
૮. નિરંતર આશાવાદી
૯. ઉદાહરણમૂર્ત
૧૦. ડ્રામા પર સંપૂર્ણ વિશ્વાસ કરનારા
૧૧. સાદગીભરી દિવ્યતા સમ્પન્ન
૧૨. પિતૃતુલ્ય ભાસના કરાવનારા
૧૩. એક્યુરેટ અમૃતવેલા-સાધના કરનારા
૧૪. શિસ્તબદ્ધ
૧૫. પાલનાના સાક્ષાત્ સ્વરૂપ
૧૬. જાદુગર-રાજુ રમજુબાજ
૧૭. સાચા વાનપ્રસ્થી
૧૮. નખશીખ પવિત્ર

આ તો માત્ર એક સેન્ટરનું સેમ્પલ છે. સમગ્ર યજ્ઞની ૩૬,૦૦૦ થી વધુ સમર્પિત ટીચર બહેનોને જો પૂછવામાં આવે તો આપણી કલ્પના બહારના શબ્દો - સાંભળવા અને વિચાર-સાગર-મંથન કરવા મળે. આવું એવા વ્યક્તિત્વ સાથે થાય જે વૈવિધ્યસભર (વર્સેટાઈલ) હોય. બ્રહ્માબાબા પાસે દરેક પ્રકારના - ભાવના-વિચાર-વલણ-વ્યવહાર ધરાવતી વ્યક્તિ માટે કશુંક આગવું અવશ્ય હતું. એમાંની કેટલીક અને ખાસ તો આધ્યાત્મિકતા અને પરમાત્મનિષ્ઠા ગણાય. આ બે બાબતોએ એમને સર્વતોમુખી / બહુમુખી પ્રતિભાના માલિક બનાવી દીધા.

આમ જોવા જઈએ તો તેમણે જીવનમાં વિશેષ કર્યું શું હતું ? સિમ્પલ થિંગ્સ ડન ઓનેસ્ટલી (સીધી સરળ બાબતો ઈમાનદારીપૂર્વક કરી). આપણે જ્યારે ચિંતન કરવા બેસીએ ત્યારે આપણી સમક્ષ કેટલાક ગુણો ઈમર્જ થાય છે. જેમકે - એમનું જીવન સહજ-સરળ-સમર્પણમય-પરમાત્મ પ્રાપ્તિ માટે અદમ્ય જુસ્સાથી ભરપૂર-અથક-નિરંતર આશાવાદી અને અંગ્રેજીમાં કહીએ તો નેવર સે ડાય એટીટ્યુડ વાળું હતું. સૌ માટે માન-સન્માનની ભાવના અને આત્મિક પ્રેમની પ્રધાનતા હતી. એમના જીવનમાંથી જે છલકાતું તે હતી નિર્દંભતાની પરાકાષ્ઠા.

અને જીવનના અનુભવો તો અપરંપાર (વાળ તડકામાં ધોળા નથી કર્યાનો પુરાવો). સામાન્ય લૌકિક જીવનના અને પછી શિવબાબાના

નિમિત્ત બન્યા બાદના અનુભવો નીકળી આવે. આવો આજે આપણે એમના જીવનના એવાં પ્રસંગોને વાગોળીએ જે આપણા માટે સીમાચિહ્ન સમાન બની રહે.

હું જ્યારથી જ્ઞાનમાં આવ્યો ત્યારથી જો કોઈ વ્યક્તિથી પ્રભાવિત થયો હોઉં તો તે છે બ્રહ્માબાબા. આ આકર્ષણ એમણે શું કર્યું એટલા માટે નથી બલ્કે એટલા માટે છે કે એમણે જે કર્યું તે કેવી રીતે કર્યું. ક્યારેક હું નવરાશની પળે મારી જાતને બ્રહ્માબાબાની ભૂમિકામાં લઈ જાઉં છું. એમણે જે પરિસ્થિતિઓનો સામનો કર્યો એ પરિસ્થિતિઓમાં મારો પ્રતિભાવ અથવા ભૂમિકા કઈ રાખી હોત એનો વિચાર કરું છું. વિચાર-સાગર-મંથન અર્થાત્ મનન-ચિંતન માટે આ વિષય અંદરથી ખડભડાવી દે તેવો હતો. આજે પણ મારી જાતને નવાઈથી ભરપૂર અનુભવું છું કે આ વિભૂતિના જીવનમાં આવું થયું તો કઈ રીતે થયું ?

બ્રહ્માબાબાની જીવન-ઝરમરમાંથી વાંચેલી અને સાંભળેલી એવી ૨૧ પરિસ્થિતિઓનું સંકલન મારા હાથમાં એક સમયે આવી પડ્યું. આ સમગ્ર સંકલન જગદીશભાઈજી રચિત બાબાની જીવની, અવ્યક્ત મુરલિઓ (ખાસ કરીને ૧૮ જાન્યુઆરીની) તથા લેખકના ૧૮ વર્ષના સક્રિય બ્રાહ્મણ જીવન દરમિયાન સાંભળેલા વ્યાખ્યાનો અને અનુભવોના પર આધારિત છે.

હું શ્રદ્ધાપૂર્વક માનું છું કે આ પ્રશ્નો તમને પણ સૂક્ષ્મ ચિંતન-મનન કરવા માટે અને બ્રહ્માબાબાને બહેતર સમજવા માટે સહાયક અને ઉપયોગી પૂરવાર થશે. આને કારણે આપ શિવબાબાને વધુ સારી રીતે અને સ્પષ્ટતા સાથે ઓળખી અને સમજી શકશો.

આ તબક્કે કહેવાનું મન થાય કે જો આપે બ્રહ્માબાબાની જીવની નથી વાંચી તો વાંચી લેવાથી ઘણો ફાયદો થઈ શકે છે. આવો ત્યારે બ્રહ્માબાબાની જીવનીમાંથી કેટલી તારવેલી પરિસ્થિતિઓને વિગતવાર જોઈએ. એમાંથી પ્રેરણા લઈએ અને સવિસ્તાર વિચાર-સાગર-મંથન કરવાની સજ્જતા કેળવીએ -

**પરિસ્થિતિ - ૧ -** જો શિવબાબા મારા તનમાં પ્રવેશ કરે અને કહે - પ્રિય બાળક, તારે આ દુનિયાને બદલીને એક નવી દુનિયાની સ્થાપના કરવાની છે. - ત્યારે મને કેવી મહેસૂસતા થશે ? જો હું ૬૦ વર્ષનો હોઉં ત્યારે પણ.

**પરિસ્થિતિ - ૨ -** જો સમગ્ર દુનિયા પવિત્રતાની ધારણાને કારણે મારા વિરોધમાં થઈ જાય અને અન્યોને પણ મારો વિરોધ કરવા ઉશ્કેરે - ત્યારે મને કેવી મહેસૂસતા થશે ?

**પરિસ્થિતિ - ૩ -** લોકો મારી પાસે આવવા માંગે છે, મારી વાત સાંભળવા માંગે છે પણ એમ કરવાને કારણે એમને માર ખાવો પડે અને મને મળવા ન દેવાય - ત્યારે મને કેવું લાગશે ?

**પરિસ્થિતિ - ૪ -** મારો ખાસો જામેલો અને વૈભવ-સમ્પન્ન વહેપાર છે. એક ઉગતી સવારે શિવબાબા મને કહે કે પોતાનું સર્વસ્વ મને અને મારા કામને સમર્પિત કરી દો. સાથે-સાથે એમ પણ કહે કે પોતાના નજીકના પરિવારજનો માટે એક કોડી સુદ્ધાં ન રાખીશ - ત્યારે મને કેવી મહેસૂસતા આવશે ?

**પરિસ્થિતિ - ૫ -** જો મારા ઉપર વિશ્વ-પરિવર્તન અને જન-જનના જીવનમાં ઊંડે-ઊંડે પ્રવેશ કરી ગયેલા પ્રબળ સંસ્કારોનું પરિવર્તન કરવાની જવાબદારી આવે - ત્યારે મને કેવી અનુભૂતિ થશે ?

**પરિસ્થિતિ - ૬ -** આગામી ૨ કલાકમાં બપોરના ભોજનનો ઘંટ વાગવાનો હોય અને ૨૦૦

થી વધુ ભાઈ-બહેનો થાળી હાથમાં લઈને જમવા માટે તૈયાર ઉભા હોય અને ભંડારમાં એક પણ દાણો ન હોવાને કારણે રસોઈ ન બનાવી હોય - ત્યારે મને કેવું લાગશે ?

**પરિસ્થિતિ - ૭ -** જો મારી ઉપર બાળકો, માતાઓ, કુમારો, કુમારીઓ, ભાઈઓ સહિત આશરે ૨૦૦ થી વધુ મનુષ્યાત્માઓની ભૌતિક, માનસિક અને આધ્યાત્મિક પ્રગતિની જવાબદારી હોય - ત્યારે મને કેવું લાગશે ?

**પરિસ્થિતિ - ૮ -** જે આત્માઓએ મને યજ્ઞની સ્થાપના કરવામાં મદદ કરી હોય, ડગલે ને પગલે સાથ નિભાવ્યો હોય અને એક પછી એક દેહત્યાગ કરવા માંડે - ત્યારે મને શું લાગે ?

**પરિસ્થિતિ - ૯ -** મારો દીકરો જ મારી પાસે આવે અને કહે કે એ બહારની દુનિયામાં જવા ઈચ્છે છે અને ધન કમાઈને પાછો ફરવા માંગે છે. હું જાણું છું કે જો એ જશે તો ક્યારેય પાછો નહીં આવે અને પરમાત્મા પાસેથી મળનારો વારસો પૂરેપૂરો નહીં મેળવી શકે - એવા સમયે મને કેવું લાગશે ?

**પરિસ્થિતિ - ૧૦ -** જ્યારે મારા પોતાના બાળકો પરમાત્મા દ્વારા સર્જિત અને ચીંધેલા સર્વોચ્ચ માર્ગ પર ચાલવાનો ઈનકાર કરતા હોય, એ માર્ગનો હું સ્વયં નિમિત્ત હોઉં ત્યારે મને કેવું લાગશે ?

**પરિસ્થિતિ - ૧૧ -** હું જાણું છું કે મારા આવતા જન્મમાં મારે વિશ્વનો સમ્રાટ બનવાનું ભાગ્ય છે પણ વર્તમાન જીવનમાં મારામાં એવી બધી કમજોરીઓ છે જેના પર મારે વિજય મેળવવાનો બાકી હોય. આવા સમયે મને શું મહેસૂસ થશે ? (શું હું અપેક્ષાઓના દબાણથી ભાંગી જઈશ ? ના હિંમત થઈ જઈશ ?

**પરિસ્થિતિ - ૧૨ -** શિવબાબા મને નર્કને સ્વર્ગમાં પરિવર્તિત કરવા નિયુત કર્યો હતો. પૂરા ૩૩ વર્ષના પુરુષાર્થને અંતે પણ દુનિયા અગાઉ જે હતી તેના કરતાં બદતર થઈ ગઈ છે. ત્યારે મને કેવું લાગશે ? શું મને ખોટું લાગશે ? શું હું દુઃખી થઈ જઈશ કે મારા આદર્યા અધૂરાં રહી ગયાં ? શું હું મારી સજ્જતા અને ક્ષમતા પ્રતિ શંકાશીલ બની જઈશ ? પોતાની કાબેલીયત સામે પ્રશ્નો ઉઠાવીશ? શું હું બાબા દ્વારા થયેલી પસંદગી પર શંકા કરીશ ?

**પરિસ્થિતિ - ૧૩ -** મેં એક આધ્યાત્મિક સંસ્થાની સ્થાપના કરી, દેશના ખૂણે-ખૂણે એનો વિસ્તાર કર્યો પણ મને સોંપાયેલું કામ હજી પણ અપૂર્ણ છે. એવી પરિસ્થિતિમાં જો શિવબાબા મને શરીર ત્યાગ કરવાની આજ્ઞા આપી પોતાની પાસે બોલાવે ત્યારે મને કેવું લાગે ? (શું મને અધૂરા કાર્યને આગળ વધારનાર વારસની ચિંતા થશે ? શું હું સંસ્થાના ભવિષ્ય માટે ચિંતિત રહીશ ?)

**પરિસ્થિતિ - ૧૪ -** જ્યારે હું પોતાના સાથી-સહયોગીઓ, પરિવારજનો, પાડોશીઓ અને સમાજમાં પ્રચલિત જીવનશૈલી કરતાં ભિન્ન જીવનશૈલી અપનાવું ત્યારે મને કેવું લાગે ?

**પરિસ્થિતિ - ૧૫ -** મને મારી સન્મુખ બેઠેલા આત્માનું ભવિષ્ય ખબર છે. હું જાણું છું કે આ આત્મા નજીકના ભવિષ્યમાં કોઈ અતિ ગંભીર ભૂલ કરવાનો છે. એ જ આત્મા મારી સામે દૃષ્ટિ અને વરદાન લેવા આવે છે. આવા વખતે મને કેવું લાગે? (શું હું એ આત્માને આવનારા મુશ્કેલ સમય પ્રતિ સજાગ કરી દઈશ? શું હું આવી વિપરીત પરિસ્થિતિઓમાં પોતાના અંતરાત્માને સાફ-શુદ્ધ અને મનને નકારાત્મક વિચારોથી, તરંગોથી મુક્ત રાખી શકીશ ?)


**પરિસ્થિતિ - ૧૬ -** મેં જે યજ્ઞની સ્થાપના કરી હતી એ આજે સમગ્ર વિશ્વમાં ચારેકોર કૂદકે-ને-ભૂસકે ફેલાઈ રહ્યો છે પણ સાથે-સાથે તેના

**(અનુસંધાન પેજ નં. 19 પર)**

# સ્મરણાંજલિ

## બહુવિધ પ્રતિભાસંપન્ન પ્રખર રાજયોગી બ્ર.કુ. રમેશભાઈ શાહ

**જન્મ તા. 05-02-1934 ● અવસાન તા. 28-01-2017**



દૈવી ગુણોથી સંપન્ન, બહુવિધ પ્રતિભા સંપન્ન, સદા સહયોગની મૂરત, દૃઢ મનોબળથી ભરપૂર, એકાગ્રચિત્ત, સદા યજ્ઞ પ્રેમી, દૂરંદેશી, બેહદ દૃષ્ટિથી શોભાયમાન, દિવ્ય દૃષ્ટા, વરદાનીમૂરત એવી મહાન પ્રતિભા બ્ર.કુ. રમેશભાઈએ તા. ૨૮-૦૧-૨૦૧૭ના દિવસે ૮૩ વર્ષે દેહત્યાગ કરી અવ્યક્ત વતનવાસી બન્યા.

એમનું જીવન એટલું પ્રતિભાશાળી હતું કે જો વર્ણન કરીએ તો એક ગ્રંથ બની જાય. સર્વ બ્રહ્માવત્સો, એમને ઓળખતા હતા, જાણતા હતા એટલે અહીં સાગરને ગાગરમાં સમાવીને એમના જીવનનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે.

એમનો જન્મ તા. ૦૫-૦૨-૧૯૩૪ના રોજ તુલસીવાડી, ભાવનગર, ગુજરાતમાં થયો હતો. પિતા નાનાલાલ અને માતા શાંતાદેવી દ્વારા આધ્યાત્મિક, ધાર્મિક વાતાવરણમાં એમની પાલના થઈ. તેઓ લૌકિક-અલૌકિક અભ્યાસમાં શ્રેષ્ઠ વિદ્યાર્થી રહ્યા. ઈ.સ. ૧૯૫૪માં તેઓ બી.કોમ. થયા. ઈ.સ. ૧૯૫૬માં સી.એ.ની ઉચ્ચ પદવી મેળવી.

પ્રારંભમાં એમણે દસ મહત્ત્વપૂર્ણ ધર્મોનો ગહન અભ્યાસ કર્યો. તેઓ દર્શનશાસ્ત્રમાં પોસ્ટ ગ્રેજ્યુએટ થયા. બોમ્બે કોલેજમાં પ્રોફેસર તરીકે પણ સેવા આપી. તેમનામાં દરેક કામ પૂરી લગનથી કરવાના સંસ્કાર હતા. જ્યારે એમના પિતાએ શરીર છોડ્યું ત્યારે એમનાં માતા શાંતાબા આઘાતમાં સરી પડ્યાં. હતાશા એમને ઘેરી વળી. આવા સંજોગોમાં ઈ.સ. ૧૯૫૨માં માતા શાંતાબાને ઈશ્વરીય જ્ઞાન મળ્યું. ઈશ્વરીય જ્ઞાનથી માતા શાંતાબાના જીવનમાં પરિવર્તન આવ્યું. શોક, હતાશા દૂર થયાં. એમનું જીવન પ્રેરણાદાયી અને ઉદાહરણમૂર્ત બન્યું. માતાના જીવન પરિવર્તનથી રમેશભાઈને બ્રહ્માકુમારીઝમાં જોડાવાની પ્રેરણા મળી.

પિતાજીના શ્રાધ્ધ નિમિત્તે પહેલી વખત સેવાકેન્દ્ર ઉપર ગયા. ઈશુદાદી દ્વારા પિતાજી નિમિત્તે સૂક્ષ્મલોકનો ઈશ્વરીય સંદેશ સાંભળ્યો. સૂક્ષ્મલોક વિશે જાણવાની, દિવ્યદૃષ્ટિ મેળવવાની ઉત્કંઠા જન્મી. આમ ઈ.સ. ૧૯૬૦ સુધી બ્રહ્માબાબાને તેઓ માતાજીના ગુરુ તરીકે ઓળખતા હતા.

મુંબઈની હોસ્પિટલમાં બાબા સાથે પ્રથમ મુલાકાત થઈ. બાબાના તેજસ્વી વ્યક્તિત્વે એમને પ્રભાવિત કર્યા.

રમેશભાઈના નિમંત્રણથી બ્રહ્માબાબા અને માતેશ્વરી જગદંબા સરસ્વતી મુંબઈમાં એમના ઘેર પધાર્યાં. બાબાની નિર્મળ વાણી તથા પ્રેમપૂર્ણ વ્યવહારે એમને સંસ્થાના વિદ્યાર્થી બનાવ્યા. બાબાના કાર્યમાં તેઓ સહયોગી બન્યા.

ઈ.સ. ૧૯૬૧માં પહેલીવાર બ્રહ્માકુમારીઝના મુખ્યાલય માઉન્ટ આબુ ગયા. આ મુલાકાતે એમનું જીવન દિવ્ય બનાવ્યું. મધુવન, માઉન્ટ આબુથી વિદાય લેતી વખતે બ્રહ્માબાબાનાં નયનોમાં જે સ્નેહનાં બિંદુઓ જોયાં તેનો ગહન પ્રભાવ તેમના ઉપર પડ્યો. આપે મધુવનથી

આવીને ધર્મપત્ની ઉષાબેન સાથે સંપૂર્ણ જીવન પવિત્ર બનાવીને જ્ઞાનમાં ચાલવાનો નિર્ણય કર્યો. આ નિર્ણયને બ્રહ્માબાબાના પત્રોએ દ્રઢ બનાવ્યો. બ્રહ્માબાબાના શબ્દો એમને છેવટ સુધી યાદ રહ્યા.

ઈ.સ. ૧૯૬૪માં બાબાને મળ્યા. જ્ઞાનનાં ચિત્રો બનાવવાનું અને પ્રદર્શન કરવાનું ભગીરથ કાર્ય સ્વીકાર્યું. આ કાર્યમાં ઘણી સફળતા મળી. મમ્માએ પણ આ કાર્યને બિરદાવ્યું. ૨૪ ઓક્ટોબર, ૧૯૬૪માં મુંબઈમાં યોજેલા પ્રદર્શનને પ્રભાવશાળી સફળતા મળી. આ પ્રદર્શન વિશ્વભરમાં સેવાનું માધ્યમ બન્યું.

બ્રહ્માબાબાએ એમને વિશ્વના દેશોમાં સેવા કરવાની પ્રેરણા આપી. દાદી પ્રકાશમણિજીના સહયોગથી તેઓ વિદેશની ઈશ્વરીય સેવાઓમાં પણ સહયોગી બન્યા. ઉષાબેન પણ એમને દરેક કાર્યમાં સાથ આપતાં રહ્યાં.

મે, ૧૯૫૨માં મુંબઈમાં ઈશ્વરીય સેવાઓ શરૂ થઈ. દાદી પ્રકાશમણિજીની પ્રેરણાથી ઈ.સ. ૧૯૬૪માં દિવાળીના દિવસોમાં ગામદેવી સેન્ટરની સ્થાપના થઈ. રોકાણના હેતુથી રાખેલા ફ્લેટમાં સેવાકેન્દ્રનો પ્રારંભ થયો. પરિવારની સંમતિથી એમણે ગામદેવી સેન્ટર બનાવ્યું. જેને ૫૦ કરતાં વધુ વર્ષો થયાં.

યજ્ઞમાં એમની પ્રતિભા વિકસતી ગઈ. દાદી પ્રકાશમણિજી, દાદી વૃજઈન્દ્રાજી, દાદી રતનમોહિનીજી, આત્મમોહિની દાદી, પુષ્પશાંતા દાદી, શીલઈન્દ્રા દાદી વગેરે દાદીઓએ એમના જીવનને મહાન બનાવવામાં સહયોગ આપ્યો.

તેઓ સંસ્થાના એડીશનલ સેક્રેટરી જનરલ બન્યા. વર્લ્ડ રીન્યુઅલ સ્પિરિચ્યુઅલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી બન્યા. જ્યુરીસ્ટ વીંગ અને સ્પાર્ક વીંગના અધ્યક્ષ બન્યા. આ પદો દ્વારા એમણે ઉલ્લેખનીય સેવાઓ કરી નવી કેડી કંડારી. એકાઉન્ટ અને ઓડીટીંગના કાર્યમાં એમની છત્રછાયામાં ઉલ્લેખનીય કાર્યો થયાં. તેઓ સી.એ. તરીકે સંસ્થાના સર્વકાર્યો અને સરકારી બિનસરકારી કાર્યો યશસ્વી રીતે સંભાળતા હતા.

૨૦૧૨માં ગોડલીવુડ સ્ટુડિયો, શાંતિવન, આબુમાં નિર્માણ થયું. આ કાર્યમાં બ્ર.કુ. હરિલાલભાઈનો સાથ મળ્યો. બ્ર.કુ. ઉષાબેને શરીર છોડતાં સેવાની સર્વ જવાબદારીઓ એમના શિરે આવી. એમને સંગીતકલામાં રસ હતો. સંસ્થાનું પહેલું ગીત એમના ઘેર રેકોર્ડ થયું હતું. આમ આર્ટ અને કલ્ચર વીંગ દ્વારા પણ એમણે મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું. વર્લ્ડ રીન્યુઅલ સ્પિરિચ્યુઅલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે સંસ્થાનાં સર્વ સેવાકેન્દ્રોના નિર્માણમાં એમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહેતી. આમ સર્વ સેવાકેન્દ્રોમાં પણ રમેશભાઈની યાદ રહેલી છે. એમણે મુંબઈ, મહારાષ્ટ્રમાં ઘણી સેવાઓ કરી. તેમ વતન ભૂમિ ગુજરાતને પણ એમની બહુમૂલ્ય સેવાઓનો લાભ સતત મળતો રહ્યો હતો.

લેખક તરીકે જ્ઞાનામૃત (હિન્દી)માં એમના ભિન્ન ભિન્ન વિષયો પર પ્રભાવશાળી, અનુભવયુક્ત લેખો પ્રકાશિત થતા હતા. સતયુગ સંબંધી પુસ્તકો પણ લખ્યાં છે. વક્તા તરીકે એમનાં પ્રવચનો જીવન ઉત્થાન માટે પ્રેરણાદાયી બની રહેતાં. તેઓ યજ્ઞના આદિ સ્તંભ હતા. એમની પ્રતિભાને મૂલવવા શબ્દો પણ ઓછા પડે.

બીમારીમાં પણ એમનું મનોબળ દ્રઢ રહ્યું. શનિવાર, તા. ૨૮-૦૧-૨૦૧૭ના રોજ એમણે ૮૩ વર્ષે પાર્થિવ દેહનો ત્યાગ કર્યો. અવ્યક્ત વતનવાસી બન્યા. રાજયોગિની સરલાદીદી, સર્વ સબઝોન ઈન્ચાર્જ બહેનો, અન્ય ટીચર્સ તેમજ ગુજરાતના સર્વ બ્રહ્માવત્સો એમને હાર્દિક શ્રદ્ધાંજલિ આપી હતી. **॥ઓમશાંતિ ॥**

# આવા હતા સાકાર બાબા - પ્રજાપિતા બ્રહ્મા

**બ્ર.કુ. પ્રભાબેન, ભરૂચ**

સન 1965માં મને મથુરામાં ઈશ્વરીય જ્ઞાન મળ્યું. આ જ્ઞાનમાં મારું આખું ઘર ચાલે છે. સૌથી પહેલાં મારા લૌકિક પિતાજી જ્ઞાનમાં આવ્યા. એના પછી આખો પરિવાર જ્ઞાનમાં આવ્યો. અમારા સર્વના જ્ઞાનમાં આવવા માટે એક કારણ નિમિત્ત બન્યું. મારા લૌકિક પિતાજી સિગારેટ બહુ પીતા હતા. જેને કારણે મારા પિતાજી અને માતાજી વચ્ચે ઘણા ઝઘડા થતા હતા. માતાજી સિગારેટ છોડવા માટે કહેતી હતી પણ પિતાજી છોડતા નહોતા. પરિવાર ઘણો ધાર્મિક ભાવનાવાળો હતો. જેને કારણે બાળપણથી જ પૂજા પાઠ કરવાના સંસ્કાર અમારા ભાઈ-બહેનોમાં હતા. પિતાજીને જે દિવસે જ્ઞાન મળ્યું એના બીજા દિવસથી એમણે સિગારેટ પીવાનું છોડી દીધું. આ જોઈને અમારા ઘરના સભ્યોને ઘણું આશ્ચર્ય થયું. જેને છોડવા માટે મા કેટલાયે વર્ષોથી કહેતી હતી, રોજ ઝઘડા કરતી હતી તે એક દિવસમાં છૂટી ગઈ. અવશ્ય આ સંસ્થામાં કંઈક છે, જરૂર કોઈ દૈવી શક્તિ છે. મારી માતાજી, પિતાજીને કહેવા લાગી કે આપ જ્યાં જાઓ છો ત્યાં મને પણ લઈ જાઓ. મા સેન્ટર પર ગઈ તો એને પણ જ્ઞાન ઘણું સારું લાગ્યું, પછી અમે બાળકો પણ માતાપિતાની સાથે સેન્ટર પર જવા લાગ્યાં. જ્યારે હું જ્ઞાનમાં આવી ત્યારે મારી ઉંમર 13 વર્ષની હતી. મને સિનેમા જોવાની ઘણી ઈચ્છા થતી હતી. કારણ કે સ્કૂલમાં બહેનપણીઓ કહેતી હતી આજે અમે ફલાણી સિનેમા જોવા ગઈ હતી. તે પિક્ચર ઘણું સારું છે. હું પિતાજીને કહેતી હતી તો તેઓ કહેતા હતા તારી મા સાથે આવશે ત્યારે હું તમને લઈ જઈશ. માતાજી ધાર્મિક ભાવનાવાળી હોવાને લીધે સ્વયં સિનેમા જોતી નહોતી અને બાળકોને જોવા લઈ જતી નહોતી.

### શિવજયંતી, અમારી અલૌકિક જયંતી છે.

શિવજયંતીના દિવસે પિતાજી અમારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા. ચાલો આજે તમને સિનેમા જોવા લઈ જઈશ. અમને સર્વને ખુશી થઈ કારણ કે કેટલાયે વર્ષોથી અમે કહેતા હતા પણ પિતાજી લઈ જતા નહોતા. આજે એમણે કહ્યું તો ઘણી ખુશી થઈ. એ દિવસે મારું શિવરાત્રિનું વ્રત પણ હતું. પિતાજી એક મોટા હોલમાં લઈ ગયા. ત્યાં સ્ટેજ પર સફેદ વસ્ત્રોવાળી બે બહેનો બેઠી હતી. જેવી હું એ હોલમાં ગઈ અને એ બહેનોને જોઈ તો મને એટલું આકર્ષણ થયું કે મારે આમના જેવા બનવું છે. એમણે શિવજયંતી વિશે પ્રવચન કર્યું અને પ્રોજેક્ટર શો (જેને મારા પિતાજીએ સિનેમા કહ્યું હતું) પણ બતાવવામાં આવ્યો. એ દિવસથી મને નિશ્ચય થઈ ગયો કે આ પરમાત્મા દ્વારા આપેલું જ્ઞાન છે. પરમાત્મા આ ધરતી ઉપર આવ્યા છે. એના પછી અમે સૌ રોજ ક્લાસમાં જવા લાગ્યા. મને બાળપણથી જ સફેદ વસ્ત્રો ઘણાં પ્રિય હતાં. મારી સ્કૂલમાં યુનિફોર્મ પણ સફેદ જ હતો. અમે રોજ ક્લાસમાં જતાં રહ્યાં. બે મહિના પછી બાબા દ્વારા અમને મધુવન (પાંડવભવન, માઉન્ટ આબુ) જવાનું નિમંત્રણ મળ્યું, તો અમે મધુવન ગયાં.

### બાબા માટે ખાવાનું બનાવતાં બનાવતાં જ હું ખાવા બનાવવાનું શીખી

બાબાને જોતાં જ બાબા દ્વારા સ્નેહની વર્ષા મારા ઉપર થવા લાગી. એવું લાગ્યું કે સ્નેહના સાગરે જ મને પોતાનામાં સમાવી લીધી છે. બાબાનું

રૂપ એટલું આકર્ષક હતું કે હું સ્વયંને ભૂલી ગઈ. મેં બાબાને કહ્યું, 'બાબા, મારે હવે અહીં જ રહેવું છે. ક્યાંય જવું નથી. મારે સેવા કરવી છે. મારે ભણવું પણ નથી.' એ સમયે હું નવમા ધોરણમાં ભણતી હતી. બાબાએ કહ્યું, બેટી, અત્યારે તું નાની છે. ભણવાનું પૂરું કરી લે. પછી તું સેન્ટર પર રહીને સેવા કરજે. જ્યારે બાબાએ આમ કહ્યું તો મને લાગ્યું કે મારે ગમે તેમ કરીને ભણવાનું પૂરું કરવું છે. બે વર્ષનો જ સવાલ છે ને અને જલદી જલદી પૂરું કરીને સેવામાં જોડાવું છે. નવમું અને દસમું પૂરું કરીને હું બાબાને મળવા મધુવન ગઈ. જતાં જ મેં બાબાને કહ્યું, બાબા આપના કહ્યા અનુસાર મેં ભણવાનું પૂરું કરી દીધું છે. હવે મારે અહીં જ રહેવું છે અને સેવા કરવી છે. એ સમયે બાબાએ મને પૂછ્યું, 'બેટી, તારે બાબાની જ સેવા કરવી છે તે તને રસોઈ કરતાં આવડે છે?' મેં કહ્યું, 'બાબા, મને રસોઈ કરતાં આવડતું નથી.' તો બાબાએ કહ્યું, 'બેટી, જો તને રસોઈ કરવાનું આવડતું નતી તો સેન્ટર પર રહીશ તો ભોગ કઈ રીતે બનાવીશ અને જિજ્ઞાસુઓને ખવડાવીશ કઈ રીતે?' મેં કહ્યું 'ઠીક છે બાબા, હું રસોઈ કરવાનું શીખી લઈશ.' પછી બાબાએ કહ્યું, 'બેટી, તું આજથી બાબાના રથ માટે ખાવાનું બનાવજે.' ત્યાં લચ્છુદાદી હતાં. એમને બોલાવીને કહ્યું, 'બેટી, આજથી બાબા માટે ભોજન બનાવતા શીખવાડજે.' એ દિવસથી મેં બાબા માટે ભોજન બનાવવાનું શરૂ કર્યું. ત્રણ મહિના સુધી હું મધુવનમાં રહીને બાબા માટે ભોજન બનાવતી રહી.

## બાબા પ્રેમથી ભોજન કરતા હતા

બાબાનું ભોજન ઘણું સાધારણ હતું. બાબા સાદી રોટલી, મગની દાળ ખાતા હતા. બાબા મોટા ભાગે બાફેલી શાકભાજી અને બાફેલાં કારેલાં ખાતા હતા. બાબાનું ભોજન બનાવતાં બનાવતાં જ હું ભોજન બનાવતા શીખી. મને લૌકિક ઘેર ભોજન બનાવતાં આવડતું નહોતું. એક દિવસ જ્યારે હું ભંડારામાં ભોજન બનાવી રહી હતી તો બાબા ત્યાં આવ્યા. ભંડારાનો દરવાજો નાનો હતો. બાબાની ઉંચાઈ વધારે હતી. તો બાબા નીચા નમીને આવ્યા. મને કહ્યું, બેટી, કોના માટે ભોજન બનાવી રહી છું? મેં કહ્યું, 'બાબા આપના માટે' પછી બાબા એ કહ્યું, 'ના બેટી, તું શિવબાબાના રથ માટે ભોજન બનાવી રહી છું.' આ રીતે બાબા દરેક વાતમાં શિક્ષણ આપતા હતા અને શિવબાબા તરફ આપણી બુદ્ધિને લઈ જતા હતા. બાબા ભોજનનો ઘણો પ્રેમથી સ્વીકાર કરતા હતા. ખાતા ખાતા બાબા કહેતા હતા બેટી, તેં ઘણું સારું ભોજન બનાવ્યું છે. આમ મહિમા કરતાં કરતાં બાબાએ મને ભોજન બનાવતાં શીખવાડી દીધું. બાબાએ જાણે ભોજન બનાવવાનું મને વરદાન આપી દીધું. બાબાને ભોજન પીરસવા જતી તો બાબા દરરોજ એક કોળિયો જરૂર મને ખવડાવતા હતા.

## બાબાને જોતાં જ લૌકિક મા બાપનો મોહ નષ્ટ થઈ ગયો

ત્રણ મહિના પછી હું બાબા પાસેથી રજા લઈને મથુરા સેવા કેન્દ્ર પર ગઈ. એક વિશેષ વાત મને યાદ આવે છે કે મને લૌકિક માતાપિતામાં ઘણો મોહ હતો. એટલો મોહ હતો કે એમને મૂકીને એક દિવસ પણ ક્યાંય રહી શકતી નહોતી. જ્યારે હું સંસારની વાતો સાંભળતી હતી કે એક દિવસે છોકરીએ મા બાપને છોડીને સાસરે જવું પડે છે. તો મને ઘણું દુ:ખ થતું હતું. હું વિચારતી હતી કે શું છોકરીએ લગ્ન કરવાં, સાસરે જવું જરૂરી છે? હું માને કહેતી હતી કે આપ લોકોને છોડીને હું ક્યાંય નહીં જાઉં. સંસારનો આતો કેવો નિયમ છે કે છોકરીઓ મા-બાપને છોડીને બીજાઓને મા-બાપ બનવે અને છોકરાઓ મા-બાપની પાસે રહે? હું તો

કદી આપને છોડીને જઈશ નહીં. મા-બાપ ઉપર મારો એટલો મોહ હતો કે એમને છોડીને રહી શકતી નહોતી. ડ્રામા એટલો વિચિત્ર છે કે જ્યારે હું પહેલીવાર બાબાને મળી તો એ ક્ષણથી મારો લૌકિક મા બાપથી મોહ નષ્ટ થઈ ગયો. બાબાએ પોતાની દ્રષ્ટિથી એટલાં સ્નેહ અને શક્તિ આપ્યાં. કે મારું સર્વ કાંઈ બાબા જ થઈ ગયા. લૌકિક મોહ મમતા સમાપ્ત થઈ ગયાં. બાબાને મળ્યા પહેલાં કહેતી હતી કે હું ઈશ્વરીય સેવા કરીશ પણ સેન્ટર પર રહીને નહીં, પોતાનાં મા-બાપ સાથે ઘરમાં રહીને કરીશ. જ્યારે બાબાને મળી તો મારા મનમાં એ પાક્કું થઈ ગયું કે હવે મારે બાબાથી દૂર થવું નથી. બાબાને છોડીને ક્યાંય જવું નથી. તરત જ મેં બાબાને કહ્યું બાબા, હું હવે પાછી ઘેર નહીં જાઉં હું અહીં આપની પાસે રહીશ. આ રીતે બાબાએ મને પહેલી નજરમાં જ મા-બાપનો સંપૂર્ણ સ્નેહ અને સંબંધ આપ્યો જેથી મારો લૌકિક સંબંધ તૂટી ગયો. સાકાર બાબાને હું કુલ ત્રણ વાર મળી છું. અભ્યાસ પૂરો કર્યા પહેલાં બે વાર અને અભ્યાસ પૂરો કરીને એકવાર જે અંતિમ મિલન હતું.

## બાબા ઘણા ઉપરામ દેખાતા હતા

ત્રીજી વાર જ્યારે બાબાને મળી હતી ત્યારે 1968નો સપ્ટેમ્બર મહીનો હતો. એ સમયે બાબાની અવસ્થા ઘણી ઉંચી હતી. મેં જોયું કે બાબાનું રૂપ ઘણું સ્નેહમય અને જ્યોતિર્મય હતું. ચહેરા ઉપર પ્રેમ છલકાતો હતો. બાબા ઘણા ઉપરામ દેખાતા હતા. ફરિસ્તાના રૂપમાં દેખાતા હતા. ઘણું ઓછું બોલતા હતા. સપ્ટેમ્બર, 1968 થી 26 ડિસેમ્બર સુધી હું મધુબનમાં રહી. એ સમયે હું બાબાને છોડીને ક્યાંય જવા તૈયાર ન હતી. વૃજમોહનભાઈજી અને એમના લૌકિક માતાજી જેમને અમે ચાચી કહેતાં હતાં. તેઓ મને જબરદસ્તીથી લઈ ગયાં કારણકે એ સમયે સેન્ટર પર મારી જરૂર હતી. એ સમયે હું ઘણું રોઈ તો બાબાએ વૃજમોહનભાઈને કહ્યું કે બેટીની જવાની ઈચ્છા નથી તો એને ન લઈ જશો. પણ એમણે માન્યું નહીં અને બાબાને કહ્યું, બાબા અમને સેવાધારીની ઘણી જરૂર છે. સેવા માટે જોઈએ. હું એમને લઈ જઈશ. એ સમયે મને અંદરથી એવું લાગી રહ્યું હતું કે હું હવે ભાગ્યે જ બાબાને મળી શકીશ. જવાના દિવસે મને ઘણું રડવું આવ્યું હતું. જવાની બિલકુલ ઈચ્છા નહોતી છતાં પણ ડ્રામા અનુસાર મારે નાંગલ જવું પડ્યું. એ પછી 18 જાન્યુઆરીના દિવસે બાબા અવ્યક્ત થયા.

## બાબા મારા મસ્તક પર હાથ રાખીને મારી સાથે વાત કરતા હતા

સન 1955માં હું જ્ઞાનમાં આવી હતી. પણ ત્યાં સુધીમાં મમ્મા અવ્યક્ત થઈ ગયાં હતાં. મારા મનમાં એ સંકલ્પ ચાલતો હતો કે હું મમ્માને જોઈ શકી નહીં. એના પછી બાબા અવ્યક્ત થયા. મને અંતિમ સંસ્કારમાં જવાનું પણ ભાગ્ય ના મળ્યું. આ વાત મનમાં દુઃખ આપતી હતી. જ્યારે બાબાએ શરીર છોડ્યું ત્યારે હું નાંગલ સેવાકેન્દ્ર પર હતી. એ સમયે વૃજમોહનભાઈ અને ચાચી મને મૂકીને મધુવનમાં બાબાના અંતિમ સંસ્કારમાં ભાગ લેવા માટે ગયાં. એ સમયે મને ઘણું દુઃખ થયું. કારણ કે હું પહેલાં પણ બાબાને છોડીને એમની સાથે જવા માટે તૈયાર નહોતી અને જ્યારે હવે બાબાએ શરીર છોડ્યું તો અંતિમ યાત્રામાં પણ મને મૂકીને ચાલ્યાં ગયાં. મને ઘણી ફીલીંગ આવી. બાબા કહેતા હતા કે અંત સમયે જેનો યોગ સારો હશે, જેને બાબા સાથે અતૂટ પ્રેમ હશે તેઓ બાબાની પાસે પહોંચી જશે. તો હું સમજી કે કદાચ મારો યોગ નહીં હોય એટલે હું બાબાની અંતિમયાત્રા વખતે જઈ ના શકી. આ યાદ આવતાં જ મને વધારે દુઃખ થતું હતું અને સેન્ટર પર પણ હું એકલી હતી.

વારંવાર બાબાને પૂછતી હતી કે બાબા શું આપની સાથે મને પ્રેમ નથી? એટલા માટે મને બોલાવી નહીં? રાત થઈ. હું પલંગ ઉપર સૂતી હતી. ઊંઘ પણ આવી નહોતી. જાગી રહી હતી. એટલામાં મારા મસ્તકની પાસે ઊભા રહીને બાબા બોલવા લાગ્યા, 'બેટી, હું તો તારી પાસે છું.' હું ક્યાં ગયો છું જુઓ, હું તમારી પાસે જ છું.' આ કોઈ ભાવના યા કલ્પના નહોતી. હું આંખોથી જોઈ રહી છું કે બાબાએ મારા મસ્તક પર હાથ રાખ્યો છે. બાજુમાં ઊભા છે અને મને કહી રહ્યા છે. આજ સુધી પણ મને અનુભવ છે કે બાબા મારી સાથે છે. ક્યારેય પણ મને એવો અનુભવ થતો નથી કે બાબા મારી સાથે નથી. બાબા સદા મારી સાથે છે. આવો મને વારંવાર અનુભવ થાય છે. બાબાના અવ્યક્ત થયા પછી કેટલાક મહીના નાંગલ રહી. એના પછી મધુવન આવી. મધુવન બે વર્ષ રહી. મને બડી દીદી (બ્ર.કુ. મનમોહિનીજી)એ ઘણી પાલના આપી. એના પછી મને સેવા માટે છ માસ નેપાલ મોકલી. પછી મધુવન આવી. એના પછી મુંબઈ ગઈ. મુંબઈમાં કોલાબા, ગામદેવી એના પછી ત્રણ વર્ષ કાંદિવલીમાં રહી. દોઢ વર્ષ અંધેરીમાં રહી. કુલ પાંચ વર્ષ હું મુંબઈ રહી. એ સમયે સુરતમાં કોઈ નહોતું તો દાદીજીએ મને મુંબઈથી સુરત મોકલી. ત્યાં છ મહીના રહીને પછી સન 1975માં હું ભરૂચ આવી. ત્યારથી આજસુધી ભરૂચમાં સેવા આપી રહી છું.

## ચન્દ્રપ્રભામાંથી બની સૂર્યપ્રભા

મારું લૌકિક નામ ચંદ્રપ્રભા હતું. જ્યારે બાબાએ મારું નામ સાંભળ્યું તો કહ્યું, બેટી તું થોડી ચંદ્રવંશમાં આવનારી ચંદ્રપ્રભા છો? તું તો સૂર્યવંશમાં આવનારી પ્રભા છો 'સૂર્યપ્રભા' બાબાએ મને કદી ચંદ્રપ્રભા કહીને બોલાવી નથી. હંમેશા મને 'પ્રભા' જ કહેતા હતા. આ રીતે મારું નામ પ્રભા પડ્યું. જ્યારે મને વૃજમોહનભાઈ અને ચાચીની સાથે નાંગલ જવાનું હતું તો બાબાએ જ પોતાના હાથથી મારો સમર્પણ પત્ર લખીને એના ઉપર સહી કરી હતી. અત્યારે મારા હાથમાં જે વીંટી છે એને પણ 50 કરતાં વધુ વર્ષ પહેલાં બાબાએ જ પહેરાવી હતી.

## બાબા માટે યજ્ઞ સેવાનું મહત્ત્વ

બાબાએ કોઈ બ્રહ્માવત્સને કહીને સેવા નથી કરાવડાવી. સ્વયં કરીને બીજાઓ પાસે કરાવતા હતા. એક વાર બપોરે એક ટ્રક શાકભાજી લઈને આવ્યો. એને ખાલી કરવાનો હતો. સૌ ભોજન કરીને આરામ કરવા જઈ રહ્યાં હતાં. એ સમયે ભૂરી દાદી આવીને બાબાને કહેવા લાગ્યાં. બાબા શાકભાજી ઊતરવાની છે અને અલગ પણ કરવાની છે. બાબાએ કહ્યું સારું બેટી, બાબા સ્વયં આવી જશે. બાબા સ્વયં ટ્રકમાંથી શાકભાજી ઊતારવા લાગ્યા. તો બ્રહ્માવત્સોને ખબર પડી. તો સૌ આવી ગયાં. શાકભાજી ઊતારી અને અલગ પણ કરી. બાબાએ એમ ના કહ્યું કે સૌને બોલાવો યા ઘંટ વગાડો. બાબા સાધારણમાં સાધારણ સેવા પણ સ્વયં કરતા હતા. બાળકોને યજ્ઞ સેવાનું મહત્ત્વ સમજાવતા હતા. આવા હતા મારા સાકાર બાબા.

॥ ઓમશાંતિ ॥



## શિવ અવતરણના આદિદ્રષ્ટા

# દાદી વૃજઈન્દ્રાજી !

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુરોડ.



સિંધ હૈદ્રાબાદમાં સન 1876માં કૃપલાણી કુળના વૈષ્ણવ કુટુંબમાં એક યુગ પુરુષે જન્મ લીધો. એ મહાન વિભૂતિનું નામ હતું દાદા લેખરાજ. જેમને સ્નેહથી બધા લખી બાબુ પણ કહેતા હતા. તેઓ એક વ્યવહાર કુશળ, ધર્મપરાયણ, હીરા જવાહરાતના નામીગ્રામી વ્યાપારી હતા. જેમની સમાજમાં ભરપૂર પ્રતિષ્ઠા, રાજા-રજવાડામાં ઉંચ માન-શાન હતું. ગરીબોને ખુલા હાથોથી દૌલત લૂંટાવનાર દાનવીર દાદા સ્વભાવથી જ સહૃદય, સુપ્રસિદ્ધ સમાજસેવી હતા. ધન-ધાન્યથી ભરપૂર, સુખ-શાંતિથી ભરપૂર, સ્વર્ગ જેવો પરિવાર હતો. ધર્મ પત્ની જશોદા, મોટા પુત્ર કિશન, પુત્રવધુ રાધિકા (દાદી વૃજઈન્દ્રાજી), કલાવતી, પાર્વતી (દાદી નિર્મલશાંતા), પુટ્ટુ (નવનિધિ) અને સૂર્યા આ ચાર પુત્રીઓ અને નાના પુત્ર નારાયણની સાથે દાદા સાત્ત્વિક જીવનનો આનદ લઈ રહ્યા હતા. જીવનમાં કોઈ વાતની ઉણપ ન હતી. છતાં પણ અનાસક્ત, સાંસારિક સુખ સાધન અને વૈભવોમાં રહેવા છતાં પણ દાદા અનાસક્ત ભાવથી ધર્મ-કર્મમાં વ્યસ્ત રહેતા. નારાયણના પરમ ભક્ત દાદાની ભક્તિ પણ ઉચ્ચ કોટિની હતી. તેઓ ગીતાપાઠ કર્યા વિના જલનું બૂંદ પણ સ્વીકાર કરતા નહીં. એમનું એક માત્ર લક્ષ્ય હતું - પ્રભુ પ્રાપ્તિ. આમ, ઈશ્વરને મેળવવાની લગનથી એમણે 12 ગુરુ કર્યા. ગુરુની સેવા હેતુ સ્વયં શૌચાલય સાફ કરી અતર (ઈત્ર) પણ છાંટતા, ગુરુના આદેશને કાળનો આદેશ માનતા.

એક દિવસ વિશ્વ ઈતિહાસમાં એક દિવ્ય ઘટના બની. દાદાના આંગણના ગુરુ લાજી મોહનજીનું પ્રવચન ચાલી રહ્યું હતું. ત્યારે ભરપૂર સભામાંથી દાદા અચાનક ઉઠ્યા. આમ તો દાદા ક્યારેય ગુરુજીની અવજ્ઞા કરતા નહિ. ના ક્યારેય સભામાંથી વચ્ચેથી ઉભા થતા એટલા માટે તેઓ કેમ ઉભા થયા એ જાણવા જશોદા માતા ગયા, તો રાધિકાજી પણ એમની પાછળ ગયા. જશોદાજીને પાછા મોકલ્યા તો તેઓ સભામાં આવી ગયા. જેવા રાધિકાજી રૂમમાં પહોચ્યા તો અદ્‌ભુત દ્રશ્ય જોયું. દાદાના મસ્તકમાં દિવ્ય તેજ ચમકી રહ્યું છે. નૈનોમાંથી નીકળતી લાલ લાઈટથી રૂમ પ્રકાશિત થઈ ગયો છે. ત્યારે અચાનક દાદાના મુખેથી શબ્દ નિકળ્યા 'નિજાનંદ સ્વરૂપમ્ શિવોહમ્ શિવોહમ્, જ્ઞાન સ્વરૂપમ્ શિવોહમ્ શિવોહમ્, પ્રેમ સ્વરૂપમ્ શિવોહમ્ શિવોહમ્. દાદાની આંખો ખુલી તો રાધિકાજીએ પૂછ્યુ, 'દાદા, શું થયું?' દાદા એટલું જ કહી શક્યા, 'એ એક લાઈટ હતી, એક માઈટ હતી.' દાદા અલૌકિક અનુભૂતિથી અભીભૂત થઈ ગુરુ પાસે આવ્યા, બધી વાત સંભળાવી. તો ગુરુજીએ કહ્યું, 'આપ પર પ્રભુની કૃપા થઈ છે.' વાસ્તવમાં દાદાના મનમાં પરમાત્માની પરકાયા પ્રવેશતા થઈ. આ અદ્‌ભુત શિવ અવતરણનાં પ્રથમ સાક્ષી બન્યા ફક્ત રાધિકાજી.

કલ્પની કહાનીમાં તેઓ જ આવાં અદ્વિતીય પદમાપદમ સૌભાગ્યશાળી પ્રભુ રતન હતા. જે ભગીરથ બ્રહ્માતનમાં પ્રગટ પ્રભુને સ્થૂળ નૈનોથી

જોનાર એકમાત્ર અપવાદ બન્યા. પૂર્વ જન્મના પુણ્યના પ્રતાપથી તેઓ શિવ અવતરણના આદિ દ્રષ્ટા સિદ્ધ થયા.

સિંધ હૈદ્રાબાદમાં કુલીન પરિવારમાં જન્મેલા રાધિકાજીના પિતાજી વિખ્યાત વ્યાપારી હતા. એક વખત દાદા લેખરાજે રાધિકાને દુકાનેથી મીઠાઈ ખરીદતી વખતે જોયા ત્યારે પ્રથમ નજરે રાધિકાને મન હી મન પુત્ર કિશન માટે પુત્રવધૂના રૂપમાં પસંદ કર્યા. જ્યારે રાધિકા મોટા થયા તો દાદાએ મોટા ભાઈ પાસે એમણે (રાધિકાજી) પુત્રવધૂના રૂપમાં માંગણી કરી ત્યારે ભાઈએ ત્રણ શરત રાખા.(૧) રાધિકાના પગ ગાલીચા પર જ રહેશે (૨) તે ક્યારેય ખાવાનું (ભોજન) બનાવશે નહીં. (૩) એમના આવવા જવા માટે ગાડીનો પ્રબંધ જોઈશે. આમ કલકત્તામાં ભાઈ ઘર જોવા આવ્યા, તો ઘરમાં ગાડી, નોકર-નોકરાનીયા બધું હતું. દાદાએ હીરા, માણેક, મોતીઓના ખજાના જાતે બતાવ્યા. નાના સોનાના દાગીનાથી ભરેલા કબાટોને જોઈ ભાઈ આશ્ચર્ય-ચકિત થઈ જોતા રહી ગયા. સમજદાર ભાઈ માટે ઈશારો કાફી હતો. દાદાના ધન દૌલત જોઈ સંતુષ્ટ થઈ પાછા ફર્યાં. ખુશી ખુશી બધા સમાચાર આખા પરિવારને સંભળાવ્યા. આ રીતે દ્રઢ સંકલ્પના ધની દાદાએ રાધિકાને પુત્રવધૂના રૂપમાં અપનાવ્યા. એમને રાજસી ઠાઠમાઠથી રાખ્યા. ઉદયપુરના મહારાજાને આ વાતની જાણ થતા આગ્રહ કર્યો કે સિંધ જતા સમયે પત્ની-વહુની સાથે બીકાનેર પધારે, તો ત્યાં પહોંચ્યા અને હીરાના હાર, મૂલ્યવાન રત્નજડિત આભૂષણોથી શ્રૃંગારીત રાધિકાજીને જોઈ રાજકુલીન મહિલાઓ જોતા જ રહી ગયા અને દાદાના ઉદારદિલ - રાજકુલોચિત સંસ્કારને જોઈ પ્રભાવિત થયા.

પરમાત્માની પ્રવેશતા પછી શિવપિતાએ દાદા લેખરાજને 'પ્રજાપિતા બ્રહ્મા' નામથી અલંકૃત કર્યાં. રાધિકાજીનું અલૌકિક નામ આપ્યું 'વૃજઈન્દ્રા' આમ દાદી વૃજઈન્દ્રાનું દૈવી પરિવારમાં આગમન થયું. એક દિવસ જ્યારે તેઓ ભોજનની થાળી લઈને બાબાની સમક્ષ પહોચ્યા તો બાબાના સ્થાન પર શ્રૃંગારેલા શ્રીકૃષ્ણના સાક્ષાત્કાર થયા તો એમને મૌલાઈ મસ્તી અથવા નારાયણી નશો તો એવો ચઢ્યો કે એમને લાગ્યું જાણે સસુરના રૂપમાં સ્વયં ભગવાન મળવા આવ્યા છે. એ સમયે એ જ્ઞાન તો હતું નહીં કે દાદાને જોઈ દિદાર કેમ થાય છે? પરંતુ ધીરે ધીરે જ્ઞાનનું રહસ્ય સ્પષ્ટ થતું તો જીવનનો જાણે નવો અધ્યાય શરૂ થયો. થોડા જ દિવસો પછી ફરીથી ચતુર્ભુજ વિષ્ણુના સાક્ષાત્કાર થયા. આ અલૌકિક ઘટનાઓથી તેઓ સંપૂર્ણ બદલાઈ ગયા. રુહાનિયતના રંગમાં રંગાઈ ગયા. એક દિવસ માતેશ્વરીની સાથે તેઓ ફરી રહ્યા હતા એવામાં સરકારી અધિકારી પૂછપરછ કરવા આવ્યા અને કહ્યું કે કન્યાઓ, માતાઓ બધુ છોડીને અહીં કેમ આવે છે? તો બાબાએ કહ્યું, હું એમને ઘરેણા વસ્ત્ર કંઈ જ આપતો નથી. પરંતુ આ બધા ઈશ્વરીય આકર્ષણથી આવે છે. આ સંવાદ સાંભળી વૃજઈન્દ્રા દાદીએ એક ધકથી મોંઘા ઘરેણાનો ત્યાગ કર્યો, પરંતુ જેનું ક્યારેય વર્ણન પણ ના કર્યું ત્યાગનો પણ ત્યાગ, અને ત્યાગના નમ્બરવન બની આદર્શનું પ્રમાણ બન્યા.

ઈશ્વરીય આગમનની આદિદૃષ્ટા દાદી વૃજેન્દ્રા જેવું નામ તેવા દૈવી ગુણ તથા પવિત્રતાની ધારણામાં સદા વ્રજ સમાન દ્રઢ રહ્યા અને તપસ્યાની શક્તિથી ઈંદ્ર સમાન ફરિશ્તા બની ગયા. એમનું આદર્શ જીવન દિવ્ય દર્પણ હતું બ્રહ્માબાબાના લૌકિકથી અલૌકિક મહા-પરિવર્તનની એકમેક સાક્ષી દાદી રોચકતા અને રમણિકતાથી આંખે જોએલ હાલ હૂબહૂ વર્ણન

કરવામાં સિદ્ધ હસ્ત હતા. યજ્ઞની શરૂઆતમા કઠીન ચુનૌતિઓનો સામનો કરવા છતા તેઓ અથક રહીને યજ્ઞ કારોબાર તથા હર સ્થૂલ અને સૂક્ષ્મ સેવામાં તત્પર રહ્યા. એમણે ડ્રાઈવર બનીને બસ પણ ચલાવી. એક વખત બસનો અકસ્માત પણ થયો તો વિદેશો સુધી ખબર પહોચી કે ભારતમાં મહિલાઓમાં એટલી જાગૃતિ આવી ગઇ કે તેઓ બસ પણ ચલાવે છે. 1953માં બાબાના આદેશથી સેવા અર્થ મુંબઇ ગયા. જ્યાં માયાવી દુનિયામાં નાના-મોટા કષ્ટ સહન કર્યા. જ્યાં તીન પૈર પૃથ્વી મળવી અસંભવ છે. ત્યાં ખૂબ કઠિનાઈથી સેવાનો પાયો નાખ્યો. શરૂમાં રુંગઠા હાઉસર, કોઠારી મેદાન, દિવ્યાંગ, અમીચંદ મેન્શન, વાટરલૂ મેન્શન વગેરે સ્થાનો પર સેવાઓ આપી દક્ષિણ મુંબઈની સાથે ઉત્તર મુંબઈમાં રુહાની ફુલવાડી વધતી ગઈ, ફળ સ્વરૂપ સાયનમાં નરોત્તમ નિવાસમાં સેવાર્થ સ્થાન પણ મળ્યું. મુંબઈ, પૂના તથા મહારાષ્ટ્રમાં અને આંધ્રપ્રદેશથી મળીને ઝોન બનાવ્યું.

મહારાષ્ટ્ર ઝોન પ્રભારી સંતોષદીદી દાદી વૃજેન્દ્રાના સંસ્મરણ આ રીતે પ્રસ્તુત કરે છે - દાદી બ્રહ્માબાબા સમાન રોયલ અને વિશાળ દિલવાળા હતા. તેઓ બાબાના નકશેકદમ ચાલ્યા. માનો બાબાના ટ્રૂ કોપી, એમની કથની-કરની એક હતી. કર્ણાટક અને આંધ્રપ્રદેશથી પાર્ટીઓ મુંબઇ થઇને જતી તો દાદીને મળવા આવતા. તો દાદી મોટુ દિલ રાખી ખાતરી કરતા. બધાને પોતાના-પણાની ભાસના આપતા. એક વખત મધુવનથી રિટર્ન જતા સમયે કર્નાટકની પાર્ટી મુંબઈ થઇને જવા લાગી તો ઉત્સુકતાવશ દાદીને મળવા પહોંચ્યા અને બહેનથી કહ્યું કે અમારે બાબાના પુત્રવધૂને મળવું છે. બહેને આવી દાદીને કહ્યું, ત્યારે દાદી બોલ્યા એમને કહી દો બાબાના પુત્રવધૂ મરી ગયા. આ સાંભળી બહેન વાત સમજી નહીં અને દાદીને આશ્ચર્યથી જોતી રહી, પરંતુ કાંઇ બોલી નહીં. તો દાદીએ ફરીથી કહ્યું જઇને કહી દો. ત્યાર પછી દાદી પોતે જ ગયા અને કહ્યું, જે દિવસથી બ્રહ્માબાબાની અલૌકિક બેટી બની તે દિવસથી વહુ તો જીતે જી મર ગઈ. દાદીને નવા અલૌકિક બ્રાહ્મણ જન્મનો ખૂબ ઊંચો નશો હતો. તેઓ સાદગીના મૂર્તિ હતા. મુંબઈમાં સેવા હેતુ કારને બદલે ટ્રેનમાં જતા. કોઇ ભાઈ ઓફિસમાંથી પેન, પિન અથવા સ્ટેશનરી લઈને આવતા તો દાદી કહેતા ઓફિસની ચીજ કેમ લઈ આવો છો? ભાઈ કહેતા બોસ અને અન્ય લોકો પણ લઈ જાય છે તો દાદી કહેતા એમને ચોરી કરતા જોઈ આપણે ચોરી ના કરવી જોઈએ. કેમકે તેઓ કળિયુગી છે. આપણે સંગમયુગી છીએ. દાદી બાબાની એ વાત કહેતા કખ કા ચોર સો લખ કા ચોર એ શિક્ષા પાકી કરાવતા.

આવુ ભવ્ય અને દિવ્ય વ્યક્તિત્વ હતુ. દાદી વૃજેન્દ્રાજીનું! દાદીએ આધ્યાત્મિકતાના જે શિખર સર કર્યા જવલ્લે જ કોઈ કરી શકે. દાદી નિર્મોહી તથા નિર્લોભી સ્થિતિના અદ્વિતીય ઉદાહરણ હતા. લૌકિકમાં એમને બે પુત્ર રત્ન હતા. મોટો પુત્ર કરાંચીમાં ચેચકની બીમારથી ચાલ્યા ગયા. નાનો પુત્ર ઘનશ્યામ, જેને પ્યારથી ઘનસી કહેતા. દાદા નારાયણ એમને શિક્ષા અર્થ મુંબઈ લઈ ગયા. ઘનશ્યામનો બાબા તથા દાદી સાથે અત્યંત પ્રેમ હતો, તો રવિવારના દિવસે દાદીને મળવા જતો. 35 વર્ષની આયુ સુધી અવિવાહિત રહીને એમણે યોગી જીવન જીવ્યા. અચાનક એમને પણ ચેચકની બીમારી આવી. તે ધ્યાનમાં જતો હતો. દાદી પૂછતા ઘનસી ભૂખ લાગી છે તો કહેતો - વતનમાં બાબાએ શુબીરસ પીવડાવ્યો, મારુ પેટ ભરેલું છે. બીમારીમાં બાબાને ખૂબ યાદ કરતો રહ્યો. બાબા મળવા ગયા

એમણે ગળે લગાવ્યા. ડોક્ટરે અંતિમ હાલત જોઈને કહ્યું જેને બોલાવવાના હોય આપ બોલાવી લો, આપ એમના શું છો? તો દાદીએ કહ્યું 'માતા' છું પરંતુ દાદીના ચહેરા પર દુઃખના ચિન્હ ન જોઈ. ડોક્ટરને અત્યંત આશ્ચર્ય થયું. ધનસીના દેહના અંતિમ સંસ્કાર કરી આવ્યા. પછી દાદીએ બાબાને પૂછ્યું ધનસીના દેહ ત્યાગ સમયે મને ખુશીની લહેર કેમ આવી? તો બાબાએ કહ્યું એ આત્મા ખૂબ કમાઈ કરીને ગઈ. સાચે જ દાદી નષ્ટોમોહા સ્થિતિના જીવતા જાગતા સ્તંભ હતા. બેહદના વૈરાગી બની ત્યાગ - તપસ્યાની રાહ પર ચાલવું એ તો કોઈ દાદી પાસેથી શીખે.

મુંબઈ સાયન સેવાકેન્દ્રના નીતિનભાઈ દાદીની અમૂલ્ય પાલનાનો અનુભવ સંભળાવતા કહે છે. - શરૂઆતમાં લૌકિક સંબંધીઓએ મળી ખૂબ પરીક્ષા લીધી. એક દિવસ ઘરના લોકોએ કહ્યું, ઘરેથી નીકળી જાઓ, પરંતુ સાથે કાંઈ જ લઈ જવાનું નથી, ત્યારે મેં દાદીને અનુભવ સંભળાવ્યો, દાદીએ કહ્યું બાબાના ઘરમાં રહો. જરૂરી સામાન લેવા માટે થોડા પૈસા આપ્યા. અને દિવસે સેવા કરીને રાત્રે એક કુમાર વાસુભાઈને ત્યાં મોકલ્યા. મોટા ભાઈની શાદી થવાની હતી તો માત-પિતાને થયું કે લોકો નાના ભાઈ વિશે પૂછશે, ત્યારે એમણે લોકલાજ વશ દાદીને ફોન કરીને પૂછ્યું, નીતિન ક્યાં છે? દાદીએ કહ્યું નીતિન તો સેન્ટર પર છે, એ તો ઘરે આવવા ઈચ્છે છે, પરંતુ આપ લોકોએ મનાઈ કરી છે. ત્યારે દાદીએ સમજાવતા કહ્યું કે ઘરે જાઓ. પરંતુ બહારથી જ કહેવાનું કે મારી ત્રણ શર્ત છે. (૧) ભોજનમાં લસણ ડુંગળી નહી નાખશો (૨) સેંટર પર સેવા માટે જવાની મનાઈ નહી કરશો (૩) સ્વયંની કમાઈ સ્વેચ્છાથી યજ્ઞ સેવામાં લગાવીશ. એમણે મારી વાતો માની અને હું દાદીજીના માર્ગદર્શનથી બંધનમુક્ત બન્યો. દાદી અનુશાસનપ્રિય હતા, અમને મા જેવી પાલના આપતા હતા.

શિવબાબાએ દાદી પ્રતિ મહાવાક્ય ઉચ્ચારણ કર્યા હતા, 'બચ્ચી અલગ-અલગ નામરૂપથી બ્રહ્માબાબાના આત્માની ખૂબ સમીપ સંબંધમાં રહ્યા છે. જેથી અંતિમ જન્મમાં પણ દાદીએ દાદા લેખરાજના આદર્શ વહુ અને બ્રહ્માબાબાના બેટી બની પૂરી ફર્જ નિભાવી. બ્રહ્માબાબા સાથે અતિ પ્રેમના ફળ સ્વરૂપે દાદીએ પણ અવ્યક્ત યાત્રા હેતુ જાન્યુઆરી માસ જ પસંદ કર્યો. અવ્યક્ત માસમાં બ્રહ્માબાબા સમાન તેઓએ પણ સંપૂર્ણ કર્માતીત સ્થિતિ પ્રાપ્ત કરી, દાદીએ 1 જાન્યુઆરી 1990 ભૌતિક તનનો ત્યાગ કર્યો અને નંબર વન ફરિશ્તા બની સૂક્ષ્મવતનવાસી બ્રહ્માબાબાને મળવા ઉડી ગયા, આવા શિવ અવતરણના આદિ દ્રષ્ટાને અમારા શત્ શત્ નમન..

**॥ ઓમશાંતિ ॥**

**અનુવાદ - બ્ર.કુ. મૃદુલા, કુતિયાણા, પોરબંદર**

- **બીજાના વિચારોને સન્માન આપવાથી તેઓ આપના મદદગાર બની રહેશે.**
- **તમે સમયને બદલી ન શકો. અહેસાસ કરો કે આ સ્વયંને બદલવાનો સમય છે.**
- **લાકડીઓ અને પથ્થરોથી હાડકાં તૂટે છે, પરંતુ કડવા શબ્દોથી સંબંધો તૂટે છે.**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં **ડિસેમ્બર - ૨૦૨૨** માસની **શબ્દાવલી ભાગ - ૨૫**ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે આપના જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની **શબ્દાવલી ભાગ - ૨૬** અહીં પ્રસ્તુત છે. જેની આડી-ઉભી ચાવીઓ ભરશો. આપને આવતા **ફેબ્રુઆરી - ૨૦૨૩**ના અંકમાં **શબ્દાવલી ભાગ - ૨૬**ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ - ૨૬

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | ■ | 3 | 4 | 5 | 6 | ■ | 7 |
| 8 | | ■ | 9 | | | | | ■ | |
| | ■ | 10 | | ■ | | ■ | 11 | 12 | |
| 13 | | | | 14 | ■ | 15 | ■ | 16 | |
| | ■ | 17 | | | | ■ | ■ | 18 | |
| 19 | 20 | | ■ | | ■ | 21 | 22 | ■ | |
| 23 | | ■ | 24 | | 25 | | | ■ | ■ |
| ■ | 26 | 27 | ■ | 28 | | ■ | 29 | 30 | 31 |
| 32 | | | 33 | ■ | 34 | 35 | ■ | 36 | |
| 37 | | ■ | 38 | | ■ | 39 | | | |

## શબ્દાવલી ભાગ - ૨૪ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 શાં | 2 તા | 3 ક્લો | ઝ | ■ | 4 સં | 5 ત | રી | 6 દા | 7 દી |
| 8 તિ | લ | ક | ■ | 9 અ | સા | ર | ■ | 10 દા | લ |
| વ | ■ | ■ | 11 દિ | વા | ર | ■ | ■ | ચં | ■ |
| 12 ન | 13 સી | બ | દા | ર | ■ | 14 સ | મુ | દ્ર | ■ |
| ■ | મ | ■ | 15 ર | ન | ■ | કા | ■ | 16 હા | 17 ર |
| 18 જુ | ર | 19 આ | ■ | 20 વા | ય | રા | ■ | 21 સ | હ |
| | ■ | 22 શિ | 23 શિ | ર | ■ | ત્મ | ■ | ■ | મ |
| ■ | 24 શિ | ક | વા | ■ | 25 ત્રિ | ક | 26 મ | ■ | દિ |
| 27 પ | ક્ષી | ■ | લ | ■ | ને | ■ | 28 ના | 29 તા | લ |
| 30 કા | કા | ■ | ય | ■ | ત્રી | ■ | 31 લી | લા | ■ |

**આડી ચાવીઓ -**

1. ઉન્નતિ .....(૩)
3. .......પ દ ની સા સંગીતની ધૂન (૪)
8. મકડી ......બનાતી હૈ (૨)
9. મકર સક્રાંતિ (૫)
10. રટણ (૨)
11. શક્તિશાળી (૩)
13. તારનેવાલા (૫)
15. દેખાવ શબ્દને અંગ્રેજીમાં કહેવાય (૧)
16. ખરાબ (૨)
17. ગાડી ચલાવનાર (૪)
18. એક તેજાનો મસાલો (૨)
19. દીવાલ શબ્દને હિન્દીમાં કહેવાય (૩)
21. બરફના ટુકડા (૨)
23. ....સે શ્રી નારાયણ (૨)
24. વોટ ઓફ થેન્ક્સનું ગુજરાતી (૫)
26. ..... ચિત આનંદ સ્વરૂપ (૨)
28. અંદર શબ્દનું અંગ્રેજી અનુવાદ (૨)
29. કાગળને હિન્દી ભાષામાં કહેવાય (૩)
32. ન્યાયાલય (૪)
34. હોલી ડે (૨)
36. 'હાર' શબ્દને ઉલટો લખો (૨)
37. બાણ (૨)
38. રોજ બાબા કો ... લિખના હૈ (૨)
39. બાયનોક્યુલર (૪)

**ઉભી ચાવીઓ -**

1. 26મી જાન્યુઆરી (૭)
2. પાંડવ પહાડો પર જાકર .... મરે (૨)
3. ....તારા, સપ્તર્ષિ (૨)
4. રે રામ શબ્દ લખો (૩)
5. બે શિંગડાવાળું એક પ્રાણી (૨)
6. મનુષ્ય (૩)
7. બ્રહ્માબાબાનું એક સ્વરૂપ (૬)
9. સૌગાત, ભેટ (૪)
10. ઓળખીતા (૪)
12. લજ્જા (૩)
14. 28 જાન્યુ. યજ્ઞની મહાન વિભૂતિનો સ્મૃતિ દિવસ (૫)
20. પિતાની મિલકતનો હકદાર (૫)
21. કવિતા લખનાર (૨)
22. વૃજેન્દ્રાદાદીનું લૌકિક નામ (૩)
25. દોડનારને અંગ્રેજીમાં કહેવાય (૩)
27. યજ્ઞમાં .... હોમવામાં આવે (૨)
30. રાસમાં વચ્ચે રખાતી માતાજીની ...(૩)
31. તુમ્હે પાકે હમને .....પા લિયા (૩)
32. ..... ની ગતિના હોય (૨)
33. યોગાભ્યાસ (૨)
34. મેજીક શબ્દનું ગુજરાતી (૨)




પાટડી સેવાકેન્દ્રના 'ત્રિવેણી સંગમ મહોત્સવ'માં MLA ભ્રાતા નૌસાદભાઈ સોલંકી, બ્ર.કુ. મનોજભાઈ, જીલ્લા પંચાયત પ્રમુખ ભ્રાતા દિલીપભાઈ પટેલ, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. પ્રિયાબેન.



ભુજ ઐયાનગરમાં 'મોટરસાયકલ અભિયાન'માં સમાજસેવક વિનોદભાઈ, કચ્છ ટ્રાન્સપોર્ટ એસો.પ્રમુખ જિજ્ઞેશભાઈ, ટ્રક એસોસિએશન પ્રમુખ નવધનભાઈ, લાયન્સ ક્લબ પ્રમુખ શૈલેન્દ્રભાઈ, બ્ર.કુ. રીનાબેન.



સુરત ખાતે મયુની ઈન્ટરનેશનલ સ્કૂલમાં 'ગીતા જયંતી'ના નિમિત્તે આયોજીત કાર્યક્રમમાં મુખ્ય વક્તા બાલાજી રોડ સેવાકેન્દ્રના બ્ર.કુ. ફાલ્ગુનીબેનની સાથે શાળાના ટ્રસ્ટી, આચાર્ય તથા બાળકો.




સુરત ઓલપાડમાં 'ગીતા જયંતી'નિમિત્તે કાર્યક્રમમાં વક્તા બ્ર.કુ. સોનલબેન, રાજનગરના મહંત શ્રી સંતોષાનંદજી, કૈલાસ આશ્રમના પીઠાધીશ્વર સાધ્વી શ્રીમતી શોભનાબેન, બ્ર.કુ. ધર્મિષ્ટાબેન.




રાજકોટ રણછોડનગર સેવાકેન્દ્ર દ્વારા 'ઘર ઘર સ્વર્ગ' કાર્યક્રમમાં આયોજીત સત્યનારાયણની કથામાં બ્ર.કુ. રમાબેન, બ્ર.કુ. રેખાબેન, તથા બ્ર.કુ. આરતીબેન.



મરોલી સેવાકેન્દ્ર ખાતે આયોજીત કાર્યક્રમમાં BJPના પૂર્વ તાલુકા અધ્યક્ષ ભ્રાતા રાહુલભાઈ પટેલને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. મુકેશબેન.



સુરત પરવત સેવાકેન્દ્ર દ્વારા આયોજીત મૃત્યુ પ્રસંગે સભામાં ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. સંગીતાબેન.




ખેડા સેવાકેન્દ્રમાં 'ઘર બને મંદિર' કાર્યક્રમમાં બ્ર.કુ. તરુબેન, બ્ર.કુ. દક્ષાબેન, નારી અદાલતના ભગિની રીટાબેન, સિવિલ હોસ્પીટલના ભગિની ડૉ. ભાવનાબેન, સાસુ-વહુ સન્માનીત થયાં.

**Gyan Amrit** Vol.16 | Issue 01 | January 2022| Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month.
Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



રાજકોટમાં 'હેપ્પી વિલેજ રીટ્રીટ સેન્ટર' ખાતે 'ગોલ્ડન હાઉસ'નું તકતી અનાવરણ કરી, રીબીન કાપી મંગલ ઉદ્‌ઘાટન કરતાં સંસ્થાના સંયુક્ત પ્રશાસિકા તથા મહારાષ્ટ્ર ઝોન ઈન્ચાર્જ રાજયોગિની સંતોષીદીદી અને ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી બાજુમાં બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. અંજુબેન, બ્ર.કુ. રેખાબેન તથા મંચ ઉપર સન્માનીત માતા–પિતા સાથે મહાનુભાવો.



અમદાવાદ મહાદેવનગર દ્વારા બ્ર.કુ. ચંદ્રિકાબેનના 'અમૃત ઉત્સવ' ઉજવણીમાં બ્ર.કુ. વેદાંતીબેન, આંતરરાષ્ટ્રીય ટેક્ષ કન્સલ્ટન્ટ મુકેશ પટેલ, MP ભ્રાતા નરહરિભાઈ અમીન, હિરામણિ સંકુલના ટ્રસ્ટી નીતાબેન પટેલ, ઉદ્યોગપતિ ભ્રાતા ચિરંજીવ પટેલ, ભ્રાતા ભરતભાઈ ઝવેરી, ભ્રાતા રુચિર પારેખ, બિલ્ડર રાવજીભાઈ વસાણી તથા અન્ય મહાનુભાવો.



ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્યના નવનિયુક્ત મુખ્યમંત્રી ભ્રાતા ભૂપેન્દ્રભાઈ પટેલને સોગંદવિધી બાદ શૉલ ઓઢાડી સન્માન કરી અભિવાદન કરતાં બ્ર.કુ. કૈલાસબેન.



મુંબઈ મુલુંદ સેવાકેન્દ્ર દ્વારા 'આઝાદીના અમૃત મહોત્સવ' કાર્યક્રમમાં મહારાષ્ટ્ર રાજ્યના મહામહિમ રાજ્યપાલ ભ્રાતા ભગતસિંહ કોશ્યારીનું મોમેન્ટો આપી અભિવાદન કરતાં બ્ર.કુ. ગોદાવરીબેન બાજુમાં બ્ર.કુ. મૃત્યુંજયભાઈ.



દીવ ખાતે 'ગીતા જંયતી'ના કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ. ઉષાબેન, કલેક્ટર ભ્રાતા ફોરમન બ્રહ્માIAS, SP ભ્રાતા મુન્ન IPS, જીલ્લા પંચાયતના પ્રમુખ ભગિની અમૃતાબેન, મેયર ભગિની હેમલતાબેન, ADM ભ્રાતા વિવેક કુમાર.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com